# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
## ગાંધીનગર

ww.Exa ar.com

**ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)**

**(ગુજરાતી માધ્યમ)**

# પ્રશ્નબેંક-2008

## વિષય : ગુજરાતી

પ્રકાશક

સચિવ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

સેક્ટર 10-બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર-382043

# ગુજરાતી (001)

## Section-A

- **એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) માતા બાળકીને ‘કનકકડી’ શા માટે કહે છે ?

(2) રાજાઓના રથના ઘોડાની ચાલને કવિએ કોની સાથે સરખાવી છે ?

(3) ‘અલકાતાં રાજ અને મલકાતાં કાજ’ કેમ ડૂબી ગયા ?

(4) સૂકા રૂના પૂમડામાં કઈ ઉત્કટ શક્તિ પડેલી છે ?

(5) પોતાના પ્રિય પાત્રના આગમનથી કવિ અત્યંત પ્રસન્નતા અનુભવે છે તે દર્શાવવા કવિએ પ્રયોજેલા રૂપકો સમજાવો.

(6) નવવધૂ પોતાની હઠ ક્યારે છોડે છે ?

(7) અખાની દૃષ્ટિએ કેવા ગુરુઓ આત્મજ્ઞાન ગુમાવે છે ?

(8) કવિ ભયનો ભરેલો ખેલ શેને ગણાવે છે ?

(9) કોને પેગંબરીનું નામ મળે છે ?

(10) દમયંતી કોની રાહ જોઈ રહી છે ? શા માટે ?

(11) લીલા બલિદાનો એટલે શું ?

(12) રાજા બ્રહ્મદત્તે આશંકા માટે ગણાવેલા દસ નામો લખો.

(13) કમળમાંથી જન્મેલી અપ્સરાનું નામ ઋષિએ કયું રાખ્યું ?

(14) ચરણકમળ એટલે શું ?

(15) કલિ સૌ દેવને માટે કયો શબ્દ પ્રયોજે છે ?

(16) લોકગીતની નવવધૂ પોતાની હઠ ક્યારે છોડે છે ?

(17) કવિનો જીવ ક્યારે નિરાંત અનુભવે છે ?

(18) વૈષ્ણવજનને શેની લાગણી હોય છે ?

(19) માનુની હઠ પકડીને ક્યાં જવા માંગે છે ?

(20) કાગડાનું બોલવું શાનું પ્રતીક છે ?

(21) પાંજરામાંની દુનિયા વિશે તમે શી કલ્પના કરશો ?

(22) ‘લીલા ઘોડા ડૂબ્યા’ શબ્દો કોના સંદર્ભમાં યોજ્યા છે ?

(23) ‘ચંગામાડુ’નો અર્થ સ્પષ્ટ કરો.

(24) બ્રહ્મદત્ત કેટલા વર્ષોથી આશંકાના નામની શોધ કરતો હતો ?

(25) નભપૃથ્વીની મૂર્છા ક્યારે ટળે છે ?

(26) ‘પીળે રે પાંદે’ શબ્દો શું સૂચવે છે ?

(27) ભક્ત ઈશ્વરને કઈ રીતે તરબોળ કરવા પ્રાર્થે છે ?

(28) વૈષ્ણવજન શેનું અભિમાન કરતો નથી ?

(29) મીરાંબાઈ કોના નામનું જહાજ બનાવવા ઈચ્છે છે ?

www.ExamFear.com

(30) કાપડના ઉદાહરણ દ્વારા અખાએ કેવા લોકો પર કટાક્ષ કર્યો છે ?

(31) પંખી ચણે છે ત્યારે નાનક શું કરે છે ?

(32) વૈષ્ણવજન કોને કોને વંદન કરે છે ?

(33) ‘બાઈજી’ સંબોધન કોને માટે છે ?

(34) બંગાળના કયા સંતે સમગ્ર દેશમાં ભક્તિ ધારા વહેવડાવી હતી ?

(35) કવિ અન્યને જીતવા કયા તત્ત્વનો ઉપયોગ કરવા ઈચ્છે છે ?

(36) દર્દ કાયમ રહી જાય તો કવિના મતે શું બની જાય છે ?

(37) ‘નળાખ્યાન’ની મૂળ કથા કોણ કોને સંભળાવે છે ?

(38) લગ્ન અને મૃત્યુ બંનેમાં શેનું મહત્ત્વ છે ?

(39) ‘પંછાયો’ શાનો સંકેત કરે છે ?

(40) મીરાં શેનાથી ડરતી નથી ? કેમ ?

(41) નદીની અંદર ગોવાળિયાઓ શી પ્રવૃત્તિ કરે છે ?

(42) અંધજનને ક્યાં આંખ ફૂટી છે ?

(43) કઈ શરતે બ્રહ્મદત્તને આશ્રમકન્યા લઈ જવાની છૂટ હતી ?

(44) વૈષ્ણવજન શેનું અભિમાન કરતો નથી ?

(45) ઈશ્વરે અંધજનની કઈ મોજ છીનવી લીધી છે ?

(46) વૈષ્ણવજન પરસ્ત્રી પ્રત્યે કેવો ભાવ ધરાવે છે ?

(47) કવિ કઈ વેલ શણગારવાની વાત કરે છે ?

(48) મીરાંની વિશેષતા કઈ છે ?

(49) ‘આંખે કંકુના સૂરજ આથમ્યાં’ કયું ગીત છે ?

(50) દમયંતીને બીજા કોઈ રાજામાં રસ કેમ નથી ?

(51) ગામમાં ગયેલા ચોરોએ શું વિચાર્યું ?

(52) રંગમોરલી એટલે કોણ ?

(53) ‘અનલહક’ એટલે શું ?

(54) ‘ઊંડો કૂવો ને ફાટી બોક’ - અર્થ સમજાવો ?

(55) કવિએ કોને ‘અત્તર રંગીલા રસદાર’ કહ્યા છે ?

(56) વૈષ્ણવજન એટલે શું ?

(57) રાજાઓએ પહેરેલાં વસ્ત્રો કેવા દેખાય છે ?

(58) પગલે પગલે પાવક જાગે તો કવિ શું કરવા ઈચ્છે છે ?

(59) છપ્પા એટલે શું ?

(60) બીજા દુહામાં કયો ભાવ પ્રગટ થયો છે ?

(61) ‘ખતરિયા-વટ્ટ’ કોને કહેશો ?

www.ExamFear.com

(62) ‘હજો હાથ કરતાલ’માં કવિએ કયા સંતોને યાદ કર્યા છે ?

(63) બાઈજીએ નવવધૂની નદિયું ક્યાંથી પાછી વાળી ?

(64) ગિરિ પર કોણ વસે છે ?

(65) કોનો મધુર સ્વર કાવ્ય નાયકનાં કાનને આનંદ આપે છે ?

(66) મન સ્થિર રહે તો એનાથી શો લાભ થાય છે ?

(67) ભોગળ-આગળા ઊઘડતા શાની પ્રાપ્તિ થશે ?

(68) રાજાઓ કઈ રીતે શુકન કરાવે છે ?

(69) કવિ ભયનો ભરેલો ખેલ શેને ગણાવે છે ? કેમ ?

(70) મીરાંબાઈને કયો નિત્યનો નિયમ છે ?

(71) પ્રભુ માટે ‘આવો’ કાવ્યમાં કયો શબ્દ વપરાયો છે ?

(72) ભક્તના તંબૂરમાં કવિ કઈ ભાવના ઘૂંટાતી જુએ છે ?

(73) મૂર્ખ માણસ માટે અખો શું કહે છે ?

(74) ‘રેવા તટે મધ્યાહ્ન-સંધ્યા’ કાવ્યના અંતમાં કવિએ શી ચમત્કૃતિ સાધી છે ?

(75) ‘દુનિયા અમારી’ કાવ્યમાં અડક્યાનો સંબંધ કોણ સાચવે છે ?

(76) ‘જેષ્ટિકાદાર એ કોણ છે ?

(77) મુક્તકના કવિ ભયનો ભરેલો ખેલ શેને ગણાવે છે ?

- **બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.**

(78) “લગ્ન અને મૃત્યુ બંનેમાં ચોકનું મહત્ત્વ છે” – સમજાવો.

(79) પ્રથમ દુહામાં અવગુણ ઉપર ગુણ કરવો જરૂરી છે એમ શા માટે કહે છે ?

(80) પોતાના પ્રિય પાત્રના આગમનથી કવિ અત્યંત પ્રસન્નતા અનુભવે છે, તે દર્શાવવા કવિએ પ્રયોજેલાં રૂપકો સમજાવો.

(81) સાગરપારના ક્રાંતિવીરોમાં પ્રેમશૌર્યની ભાવના કેવી રીતે પ્રગટી ?

(82) કવિ વૈષ્ણવજનને સકળ તીર્થસ્વરૂપ શા માટે કહે છે ?

(83) ચોરોએ વાડીમાં શું જોયું ? તેમણે શો વિચાર કર્યો ?

(84) કળિયુગ પોતાના કયા કયા ગુણો ગણાવે છે ?

(85) રાવજી પટેલના ગીતને ‘આભાસી મૃત્યુનું ગીત’ શા માટે કહ્યું છે ?

(86) કવિ દુર્દશાનો આભાર શા માટે માને છે ?

(87) અવગુણ ઉપર શું કરવું જરૂરી છે ? શા માટે ?

(88) હૈયાનો હિમાળો અને હેતની ગંગા વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

(89) માતાના હૃદયમાં કેવી આશાઓ હતી ? એનો અંત કેવી રીતે આવ્યો ?

(90) પ્રજ્ઞાચક્ષુ શા માટે નિરાશા અનુભવતા નથી ?

(91) ઉંબરાની મર્યાદા એટલે શું ? સમજાવો.

(92) બહેને કવિના હૃદયમાં કેવી રીતે કસુંબીનો રંગ ઘોળ્યો હતો ?

www.ExamFear.com

(93) ગ્રીષ્મના બપોરે સઘળું મૂર્છિત થઈ ગયું તેમ કવિ શા માટે કહે છે ?

(94) કવિ 'રેલ્યો કસુંબીનો રંગ' એમ શા માટે કહે છે ?

(95) 'ચિત્રવિલોપન'માં યુવતી નાવમાં બેસીને ક્યાં જતી હતી ?

(96) કવિશ્રી વિનોદ જોષીના ગીતમાં નવોઢા શી ફરિયાદ કરે છે ?

(97) રિસાયેલી નવવધૂને કોણ-કોણ મનાવા જાય છે ? અંતે તે કોનાથી માની જાય છે ?

(98) મરીઝે ગઝલમાં માનવવ્યવહાર વિશે વ્યંગમાં શું શું કહ્યું છે ?

(99) સંત નાનકની ઉદારતા વર્ણવો.

(100) ભર્યા તળાવની પાળના ઉદાહરણ દ્વારા કવિ શું સૂચવવા માંગે છે ?

(101) સંત નાનકની ઉદારતા વર્ણવો.

(102) કુમારિકાએ શેનું પૂજન કરવું જોઈએ ? સમજાવો.

(103) રાજાની દૃષ્ટિએ સત્યનું મહત્ત્વ શું છે ?

(104) અંધજન અવાજ અને સુગંધ બાબતે કેવા અનુભવ કરે છે ?

(105) રાણાજી મીરાં પર કેવા જુલમ ગુજરે છે ?

(106) 'કંકુના સૂરજ આથમ્યા' એમ કવિ શા માટે કહે છે ?

(107) કવિ 'ઘોળી ઘોળી પ્યાલા ભરિયા' એમ શા માટે કહે છે ?

(108) શહીદોના બલિદાનોથી વીરોને કઈ પ્રેરણા મળે છે ?

(109) મૃતકોને સજીવન કરવા યુવતીઓએ પોતાના કયા કયા પુણ્યો સમર્પ્યા ?

(110) આપણે આપણી જાતને શા માટે હારી જવી જોઈએ ?

(111) મિલનની મજા કરતાં દૂરતામાં કવિને શો આનંદ મળે છે ?

(112) કવિ ગિરનારની તળેટીને શા માટે યાદ કરે છે ?

(113) સખી સાથે માલતી મંડપમાં બેઠેલા કવિ શાનું દર્શન કરે છે ?

(114) કન્યાના હાથમાં મેંદીની ભાતની જગ્યાએ દાઝ્યું કેમ પડે છે ?

(115) 'ગોળ મટોળ ગાલોનું સસલું' પ્રતીક સ્પષ્ટ કરો.

(116) કવિ સૂકા રૂના પૂમડાનું દૃષ્ટાંત આપીને ઈશ્વર પાસે શું પ્રાર્થે છે ?

(117) સંસારને મિથ્યા કહેનારનાં વાણી અને વર્તનની ભિન્નતા અખાએ શી રીતે દાખવી છે ?

(118) કવિશ્રી નિરંજન ભગત પ્રેમનો મહિમા શી રીતે પ્રગટ કરે છે ?

(119) પોતાને ત્યાં અવસર આવ્યો નથી તેની કન્યાના મનમાં શા માટે વેદના છે ?

(120) સાચો પ્રેમી મૌન શા માટે રહે છે ?

(121) સમર્પિત પ્રેમનું ગૌરવ સમજાવો.

(122) 'ચિત્રવિલોપન' કાવ્યની કઈ પંક્તિઓમાં ઉત્કટપણે માતૃપ્રેમ પ્રકટ થાય છે ?

(123) અગનના શણગાર આપવા કવિ ઈશ્વરને શા માટે વિનંતી કરે છે ?

(124) 'ને આજે તો ખેતર ગાડે'માં છુપાયેલ ખેડૂતનો આનંદ. સમજાવો.

(125) નરસિંહ મહેતાની સ્મૃતિ સમાન સ્મારકોનું મહત્ત્વ જણાવો.

www.ExamFear.com

(126) ‘જ્યોતિ’ અને ‘મોતી’ની આવશ્યકતા સમજાવો.

- **નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.**

(127) ‘આવો !’ પ્રાર્થનાગીતમાં કવિ કયા દૃષ્ટાંતો દ્વારા પ્રભુ પાસે યાચના કરે છે ?

(128) કસુંબીનો રંગ એટલે શું ? કસુંબીનો રંગ કવિને ક્યાં-ક્યાંથી લાગ્યો છે ?

(129) ‘હજો હાથ કરતાલ’ ગઝલમાં કવિએ આપેલા સંતોનો પરિચય આપો.

(130) ‘ચિત્રવિલોપન’ શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

(131) મીરાંબાઈની પ્રેમલક્ષણા ભક્તિ વર્ણવો.

(132) રાજા બ્રહ્મદત્તની કર્તવ્યનિષ્ઠા દર્શાવો.

(133) ‘ઘડીક સંગ’ શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(134) નરસિંહ મહેતાની દૃષ્ટિએ સાચા વૈષ્ણવજનનાં લક્ષણો જણાવો.

(135) ‘દુર્દશાનો એટલો આભાર’માં માનવ-વ્યવહાર વિશે વ્યંગ્યમાં શું કહ્યું છે ?

(136) કવિશ્રી રમેશ પારેખે યૌવનમાં પ્રવેશેલી નાયિકાની કઈ મનોદશા વર્ણવી છે ?

(137) ‘આંખે કંકુના સૂરજ આથમ્યા’ શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(138) ‘આશંકા’ કાવ્યના વસ્તુનો સંક્ષિપ્ત પરિચય આપો.

(139) કવિએ ગ્રીષ્મના બપોરનું દોરેલું શબ્દચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

(140) ‘સત્ય મોટુ સહુ કો થકી’ કાવ્યના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(141) ‘વર્ષાની એક સુંદર સાંજે પ્રતિક્ષણ રમણીય સૌંદર્ય દાખવી આપણને શી રીતે મુગ્ધ કરે છે ?

(142) દમયંતી સ્વયંવર વખતે જામેલી ભીડનું પ્રેમાનંદે કરેલું વર્ણન કરો.

(143) નવવધૂનું રૂસણું વર્ણવો.

(144) પ્રજ્ઞાચક્ષુ શા માટે નિરાશા અનુભવતા નથી ?

(145) ચારે ચોરનાં મૃત્યુ શી રીતે થયા તે વર્ણવો.

(146) કવિ શ્રી રાજેન્દ્ર શુકલ રચિત રચાયેલ ગઝલનો સર્વધર્મ સમભાવનો સંદેશ સ્પષ્ટ કરો.

(147) દમયંતિ પોતાને પરણે એ માટે રાજાએ કેવા કેવા ઉપાયો કર્યા છે ?

(148) “જ્યોતિ અને મોતી”ની આવશ્યકતા સમજાવો.

(149) ‘પ્રકૃતિ અને પ્રણયનો સુભગ સમન્વય એટલે વર્ષાની એક સુંદર સાંજ’ સમજાવો.

(150) ‘કૂંચી આપો બાઈજી ?’ કાવ્ય દ્વારા સંયુક્ત કુટુંબમાં દાદાનું સ્થાન સમજાવો.

(151) આશંકાનું નામ શાથી કરુણ અને અનુકંપાને પાત્ર બન્યું ?

(152) ‘આવો’ કાવ્યના પ્રતીકો સમજાવો.

(153) ‘એક મૂરખને એવી ટેવ’ છપ્પામાં અખાએ કરેલું અંધશ્રધ્ધાનું વર્ણન કરો.

(154) શામળે જણાવેલો સત્યનો મહિમા વર્ણવો.

(155) સાંભળનારા આંખનું કાજળ શા માટે ગાલે ઘસે છે ?

(156) સંત કબીરનું જીવન નિર્મળ હતું એમ શા પરથી કહી શકાય ?

(157) ‘આશંકા’ની નામાવલિની રજૂઆતમાં પ્રકટ થતું કવિચાતુર્ય - સમજાવો.

www.ExamFear.com

(158) નવવધૂ કંકુથાપા વિશે શું જણાવે છે ?

(159) પ્રેમાનંદે વર્ણવેલ હાસ્યરસ - સમજાવો.

(1) નીચેની કાવ્યપંક્તિઓ વાંચી, સમજી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

ચરણામૃતનો નિયમ હમારે, નિત્ય ઊઠી મંદિર જાશું
રામના નામનું જહાજ બનાવીશું, તેમાં બેસી તરી જાશું
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરનાં ગુણ ચરણ કમળ પર વારી જાશું.

(160) મીરાંબાઈને કયો નિત્યનો નિયમ છે ?

(161) મીરાં ચરણામૃત પીવા રોજ ક્યાં જાય છે ?

(162) મીરાંબાઈ કોના નામનું જહાજ બનાવવા ઈચ્છે છે ?

(163) ચરણકમળ એટલે શું ?

(2) કાયમ રહી જો જાય તો પેગંબરી મળે,
દિલમાં જે એક દર્દ કોઈ વાર હોય છે.
ટોળે વળે છે કોઈની દીવાનગી ઉપર,
દુનિયાના લોક કેવા મિલનસાર હોય છે.

(164) કવિએ આ શેરમાં કયા દર્દનો નિર્દેશ કર્યો છે ?

(165) કોની ગણના પયગંબરમાં થઈ શકે છે ?

(166) લોકો શા માટે ટોળે વળે છે ?

(167) કવિ દુનિયાના લોકો પર કયો વ્યંગ કરે છે ?

(3) પગલે પગલે પાવક જાગે ત્યાં ઝરશું નેનની ઝારી,
કંટક પંથે સ્મિત વેરીને મોરશું ફૂલની ક્યારી;
એકબીજાને જીતીશું, રે ભાઈ, જાતને જાશું હારી !
ક્યાંય ન માય રે એટલો આજ તો ઉરને થાય ઉમંગ !'

(168) પગલે પગલે કવિ શું કરવા ઈચ્છે છે ?

(169) જીવનમાં વિઘ્નોરૂપી કંટક આવે તો કવિ આપણને શું કરવા કહે છે ?

(170) 'જાતને જાશું હારી' કહેવા પાછળ કવિનો શો આશય છે ?

(171) કવિના ઉરમાં આજે ઉમંગ શા માટે સમાતો નથી ?

(4) અમે રે, સૂના ઘરની જાળિયું,
તમે તાતા તેજના અવતાર;
ભેદીને ભીડેલા ભોગળ-આગળા,
ભરો લખલખ અદીઠાં અંબાર.
આવો રે, રે આવો હો, જીવણ, આમના.

(172) કવિ પોતાની સરખામણી શેની સાથે કરે છે ?

www.ExamFear.com

(173) કવિ કોને તેજના અવતાર માને છે ? કેમ ?

(174) કવિ ક્યાં અને કોને આમંત્રે છે ?

(175) ભોગળ-આગળા ઊઘડતા શેની પ્રાપ્તિ થશે ?

(5) તમે અણજાણ્યા ઉંબરિયેથી
મારી નદિયું પાછી ઠેલી;
મારગ મેલો, બાઈજી ?
તમે કિયા કુહાડે વેડી મારા
દાદાની વડવાઈજી ?

(176) અણજાણ્યા ઉંબરિયા એટલે શું ?

(177) સાસુએ શું પાછું ઠેલ્યું ?

(178) નવવધૂ બાઈજીનું સંબોધન કોના માટે કરે છે ?

(179) દાદાની વડવાઈ અંગે નવવધૂ શી ફરિયાદ કરે છે ?

(6) બેઠો બેઠો સખી સહિત હું માલતી મંડપે ત્યાં
ધારા જોતો, શ્રવણ ભરતો નૃત્યથી બુદ્‌બુદોનાં;
ત્યાં ગૈધારા, શમી પણ ગયા બુદ્‌બુદો, ને નિહાળ્યા
શૈલો, વચ્ચે સર નભ સમું, મસ્તકે અભ્ર તારા.

(180) કવિ ક્યાં કોની સાથે બેઠા હતાં ?

(181) કવિએ શું નિહાળ્યું.

(182) સરોવરની સરખામણી કવિ કોની સાથે કરે છે ?

(183) કાવ્યનો પ્રકાર અને કવિનું નામ જણાવો.

(7) મને રોકે પંછાયો એક ચોકમાં;
અડધા બોલે ઝાલ્યો; અડધા ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

(184) કાવ્ય નાયકને કોણ રોકે છે ?

(185) ‘સજીવી હળવાશ’ દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

(186) કાવ્ય નાયકને કઈ રીતે રોકે છે ?

(187) ‘આંખે કંકુના સૂરજ આથમ્યા’નો અર્થ સમજાવો.

(8) જેહનાં બેસી ગયા ગલસ્થલ, મુખમાં રાખ્યાં બબ્બે ફોફળ;
એમ ઊંચા કરીને ગલોઠાં, ઘેલા જુએ કાચમાં મોઢાં.
પુરણ આશાએ સર્વ કોય, પણ કન્યા નળની વાટ જોય.

(188) રાજાએ બેસી ગયેલા ગાલને કેવી રીતે ઉપસાવ્યા છે ?

www.ExamFear.com

(189) ઘેલાં રાજાઓ શું કરી રહ્યા છે ?

(190) દરેક રાજાને શેની આશા છે ?

(191) દમયંતી કોની વાટ જોઈ રહી છે ?

(9) ત્રાજવે ત્રંફેલા મોરની ભેળી હું છાનકી વાતું કરું રે લોલ
લોલ, મારે મોભારે કાગડો બોલે ને અમથી લાજી મરું રે લોલ.
મેંદીએ મેલું હું મનની ભાત્ય ને હાથમાં દાઝ્યું પડે રે લોલ
આડોશ-પાડોશ ધમ્મકે વેલ્યું ને લાપસી ચૂલે ચડે રે લોલ

(192) નાયિકા કોની સાથે છાની છાની વાતો કરે છે ?

(193) નાયિકા શા કારણે શરમાઈ જાય છે ?

(194) કાગડાનું બોલવું શાનું પ્રતીક છે ?

(195) આડોશ-પાડોશમાં શાનાં ઘુઘરા ધમકે છે ?

(10) સાંભળી વાત તે સુરપતિ હરખ્યા હઈયડા માંહે,
સાચું રાજ્ય સાચો અમલ તોલ કરંતે ત્યાંહે.
સુર કહે : 'અમો સરગે જશું સાંભળ કલિયુગ રાય,
એ મૃત્યુ પામ્યા છે બાપડા જીવે તો સારુ થાય.'

(196) કોના હૈયામાં હરખ થયો ?

(197) કલિયુગના અમલ વિશે દેવો શું સમજ્યા ?

(198) દેવો ક્યાં જવાનાં છે ?

(199) દેવોએ કલિયુગને શું કહ્યું ?

(11) સુખડ જેમ શબ્દો ઊતરતા રહે છે,
તિલક કોઈ આવીને કરશે અચાનક,
અમે જાળવ્યું છે ઝીણેરા જતનથી,
મળ્યું તેવું સોંપીશું કોરું કથાનક.

(200) કલમે લખાતા શબ્દોને કોની સાથે સરખાવ્યા છે ?

(201) કોણે જતનથી શું જાળવ્યું હતું ?

(202) કવિએ કબીરની જેમ શું સોંપવાની વાત કરી છે ?

(203) 'તિલક' શબ્દનો નિર્દેશ કવિએ કોના સંદર્ભમાં કર્યો છે

(12) કોઈ મીંઢણની મરજાદા લઈ
મને પાંચીકડાં પકડાવો;
મારગ મેલો, બાઈજી !
તમે કિયા કુહાડે વેડી મારા
દાદા વડવાઈજી ?

www.ExamFear.com

(204) નવવધૂ મીંઢણનીમર્યાદા લઈ લેવાનું શા માટે કહે છે ?

(205) નવવધૂને શા માટે પાંચીકડાં જોઈએ છે ?

(206) નવવધૂ સાસુને મારગમાંથી શા માટે ખસી જવાનું કહે છે ?

(207) દાદાની વડવાઈ અંગે નવવધૂ શી ફરિયાદ કરે છે ?

(13) અમે રે સૂકું રૂનું પૂમડું,
તમે અત્તર રંગીલા રસદાર;
તરબોળી દ્યોને, તારેતારને,
વીંધ અમને વ્હાલા, આરંપાર;
આવો, રે આવો હો જીવણ, આમના.

(208) કવિ પોતાને સૂકું રૂનું પૂમડું શા માટે ગણાવે છે ?

(209) કવિએ કોને અત્તરના રસદાર કહ્યા ?

(210) આ પંક્તિમાં કયો ભાવ છે ?

(211) ‘જીવણ’ શબ્દ કોના માટે પ્રયોજ્યો છે ?

(14) વસ્ત્ર કેસરમાં ઝાકમ ઝોળ, બેઠા આસને આરોગે તાંબોળ;
વર થઈ બેઠા પ્રાણીમાત્ર, સમાં કર્યાં છે વરવા ગાત્ર.
શરીર ક્ષુદ્ર કાષ્ઠના ખોડ, તેહેને દમયંતી વર્યાના કોડ;
બાળક, જોબન, ને વૃદ્ધા, તેહેને દમયંતી વર્યાની શ્રદ્ધા.

(212) રાજાઓએ કેવા વસ્ત્રો પહેર્યાં છે ?

(213) રાજાઓએ પોતાના કેવા ગાત્રોને ઠીકઠીક કર્યા છે.

(214) રાજાઓના શરીર કેવા થઈ ગયા છે ?

(215) કેવા કેવા રાજાઓને દમયંતીને પરણવાની ઈચ્છા છે ?

જનનીના હૈયામાં પોઢંતાં પોઢંતાં
પીધો કસુંબીનો રંગ;
દુનિયાના વીરોનાં લીલા બલિદાનોમાં
ભભક્યો કસુંબીનો રંગ;
ભક્તોના તંબુરથી ટપકેલો મસ્તીભર
ચાખ્યો કસુંબીનો રંગ.

(216) કવિએ જનની પાસેથી કસુંબીનો રંગ કેવી રીતે પીધો ?

(217) કસુંબીનો રંગ ક્યાં ભભક્યો ?

(218) લીલા બલિદાનો એટલે શું ?

(219) કવિએ કસુંબીનો રંગ ક્યાંથી ચાખ્યો ?

www.ExamFear.com

- **એક વાક્યમાં પ્રશ્નોના ઉત્તર લખો.**

(220) શેરીમાં ચોવીસ કલાકના અવાજોમાં બીજા કયા અવાજો ઉમેરાય છે ?

(221) બેગમરાજાના દીકરાએ કયું પરાક્રમ કર્યું હતું ?

(222) કવિ ઈકબાલે ધર્મ વિશે શું કહ્યું છે ?

(223) મહાદેવભાઈની ઉન્નતિનું સાચું રહસ્ય શું હતું ?

(224) દ્રૌપદીના પાત્ર દ્વારા ન્હાનાલાલે કઈ ભાવના વ્યક્ત કરી છે ?

(225) માનચતુરની કઈ બાબત ધ્યાનમાં લેવા જેવી છે ?

(226) આાકશ તરફ જોતા લેખકને શું સમજાયું ?

(227) મામીની શિખામણ યાદ આવતાં અડવાએ ખેતરમાં શું કર્યું ?

(228) રામુ કોની જીભનેધારિયા કરતાં વધારે ધારદાર કહે છે ?

(229) હરિયાએ કયું કાર્ય કર્યું ?

(230) ઝવેરદાદાનું સન્માન કેવી રીતે કરવામાં આવ્યું ?

(231) મામાએ અડવાને દુકાન ચલાવવા અંગે શું સલાહ આપી ?

(232) સોમેશ્વર શાસ્ત્રીને મન હીરાધરની યક્ષકન્યા કેવી છે ?

(233) નદીનું નામ ઝાંખરી શાથી પડ્યું ?

(234) કંકુવરણી કન્યાને પરણતીજોઈને અડવાએ શું કહ્યું ?

(235) કવલી દરિયાને શેનાથી મારતી હતી ?

(236) લોકભારતીના વિદ્યાર્થીઓએ પ્રત્યુત્તર રૂપે કઈ ભેટ મોકલી ?

(237) ગાંધીજી અને મહાદેવભાઈના સંબંધો કેવા હતા ?

(238) રામુએ વ્યસન છોડવા માટે પત્નીને શું કહ્યું હતું ?

(239) સોમેશ્વરશાસ્ત્રી હીરાધરની યક્ષકન્યાને ક્યાંથી લઈ આવ્યા હતા ?

(240) ક્રિકેટ મેચ ચાલતી હોય ત્યારે પરમસુખભાઈને શું ગમતું નહોતું ?

(241) ભેડાઘાટ કઈ બે ચીજો માટે પ્રખ્યાત છે ?

(242) મામીએ અડવાને શી શિખામણ આપી ?

(243) નંદુલાલ કેવું ચરિત્ર ધરાવનાર હતા ?

(244) કયા શબ્દો દ્વારા ગાંધીજીની મહાનતા છતી થાય છે ?

(245) પારઘીએ અડવાને કઈ વાત ગાંઠે બંધાવી ?

(246) સૂર્યકાન્તજી અને દંડી સ્વામી વચ્ચે શો ફરક હતો ?

(247) મહાદેવભાઈની ડાયરીમાં કોના માટે ‘રત્નાકર’ શબ્દ આલેખાયો છે ?

(248) ઝવેરદાદાએ ઘઉંનીનવી જાતને શું નામ આપવાનો આગ્રહ રાખ્યો ?

(249) દ્રૌપદી ગુરુ દ્રોણને કયો ધારદાર પ્રશ્ન પૂછે છે ?

(250) નિધિ નોકરને શું ઈનામ આપવાનું કહે છે ?

www.ExamFear.com

(251) ચોરોએ અડવાની સાથે બીજા કોને લૂંટી લીધા ?

(252) રામુને કોના ઘરમાંથી વીજળીનું કનેક્શન લેવું હતું ? શા માટે ?

(253) માનચતુરે દેવને શા માટે પધરાવી દીધા ?

(254) ફોર્બસ હીરાદ્વારની કોતરણીના નમૂનાઓને કોનીસાથે સરખાવે છે ?

(255) નંદુલાલભાઈ શેને ઈશ્વરનો ઈન્કાર સમજતાં ?

(256) દ્રૌપદીએ અર્જુનને શેની યાદ અપાવી ?

(257) પંચવટી પાસેની ટેકરી પર કોનું મંદિર છે ?

(258) ધર્મલક્ષ્મીએ શું નક્કી કર્યું ?

(259) ઈંટો ગણવાનું કામ હરિયાએ કઈ રીતે કર્યું છે ?

(260) હીરાધરે કોતરેલી કમાનો કોના જેવી લાગતી હતી ?

(261) ગાંધીજીનો કયો મુદ્રાલેખ હતો ?

(262) માયકાંગલી પ્રજાને જોઈ રામુને શી શંકા થઈ ?

(263) ભરસભામાં દ્રૌપદી શો શાપ આપે છે ?

(264) દાડમના દાણામાં લેખકને શું દેખાયું ?

(265) બંદરકૂદની નર્મદા એટલે શું ?

(266) ગામની અને જ્ઞાતિની સ્ત્રીઓ ધર્મલક્ષ્મી પાસે શા માટે આવતી હતી ?

(267) નંદુભાઈ શેને જીવનનું વળતર માનતા હતા ?

(268) મતાન્તર ક્ષમાની જરૂર ક્યાં ક્યાં પડે છે ?

(269) અડવાએ કયા હેતુથી ડૂંડા કાપ્યા હતા ?

(270) રમેશને કઈ ધૂન લાગી હતી ?

(271) ભવાનકાકાએ બાળકોને કયા કયા દાવ શીખવ્યા હતા ?

(272) ભવાનકાકા માટે નવો ખેલ કયો હતો ?

(273) ત્રણેય ભાઈઓએ મળી શેના માટે દાન કર્યુ હતું ?

(274) જસ્યા માટે કઈ અગ્નિપરીક્ષા હતી ?

(275) કોની કથાને અંગ્રેજ કવિએ અમર કરી છે ?

(276) સરયૂકાન્તજી કોને 'અન્નપૂર્ણા ભાભી' કહે છે ?

(277) માનવધર્મ શેની સાથે જોડાયેલો છે ?

(278) દર્શકે ઘઉંની નવી જાતને શું નામ આપવાનું સૂચવ્યું ?

(279) હરિયાએ ભરી સભામાં શું કહ્યું ?

(280) ભવાનાકાકા મણિભાઈ જોડે શહેરમાં કેમ ગયા ?

(281) દ્રૌપદી ધર્મરાજને કયો પ્રશ્ન પૂછે છે ?

(282) વિધાચતુરના પલંગની હાલત કેવી હતી ?

www.ExamFear.com

(283) અવલે વીંછીને મારવાની શા માટે ના પાડી ?

(284) લોકશાહીનું જીવાતુભૂત તત્ત્વ કયું છે ?

(285) ડોશીના દિલમાંથી કઈ વાતનો ડંખ મરણ સુધી ગયો નહીં ?

(286) નિકુંજ શું કહીને નિધિને ખુશ કરવાનો પ્રયત્ન કરે છે ?

(287) કોમેન્ટરી સાંભળતા રેંટિયો કાંતવાનું કારણ શું હતું ?

(288) ધૂંઆધારને જોતાં લેખકને કેવા વિચારો આવે છે ?

(289) દશેરાના દિવસે નદીનાં પાણીમાં શું તરી રહેતું ?

(290) દુનિયાની બધી મુશ્કેલીઓ દૂર કરવા અંગે ફ્રેંચસાહેબનું શું માનવું છે ?

(291) લખમણે કઈ આશાથી ઘરમાં મીટર નંખાવ્યું હતું ?

(292) સોમેશ્વર શાસ્ત્રીએ પોતાની ઝૂંપડીમાં શું રાખ્યું હતું ?

(293) ક્રિકેટના દિવસોમાં કોણ સૌના લાડકા બની જાય છે ?

● **બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો.**

(294) ધર્મસહિષ્ણુતા એટલે શું ?

(295) માનચતુરે ટાંકાંને બદલે દેવને ક્યાં નાંખ્યાં ? કેમ ?

(296) ઘેનુ રબારણના વાડામાં રહેલી યક્ષકન્યાનું વર્ણન કરો ?

(297) ભવાન ભગત કેવી રીતે પથારી વશથઈ ગયા ?

(298) વાયરનું કનેક્શન લેવા માટે રામુને જોઈતાકાકાને પૂછવાની જરૂર કેમ ન લાગી ?

(300) ફોર્બસ કલાકૃતિઓનું જતન શી રીતે કરવા માંગતા હતા ?

(301) ભંડકમાંની સુવિધાઓ વર્ણવો.

(302) ફોર્બસને ડભોઈ છોડવું કેમ ગમતું નહોતું ?

(303) ઝવેરદાદા કેવા પ્રકારના ઘઉંની જાતનું ઉત્પાદન કરવા ઈચ્છતા રહ્યા ?

(304) ફોર્બસ કયા હેતુથી હીરાધરની કૃતિઓ પોતાની સાથે લઈ જવા માંગે છે ?

(305) ઈંટો ગણવાની પ્રવૃત્તિ વિશે હરિયાની કઈ પ્રતિક્રિયા હતી ?

(306) રૂસાં નામના ઘાસમાં બાળકો શામાટે આળોટતા ?

(307) ભીષ્મ પિતામહ્ સતીના શીલના અપમાનને કેવું ગણાવે છે ? પિતામહ્ દુર્યોધનને શી શિખામણ આપે છે ?

(308) ‘ડીમ લાઈટ’માંથી હાસ્ય જન્માવતાં બે પ્રસંગો આલેખો.

(309) લેખકને નર્મદાના સૌંદર્યની દીક્ષા કોની પાસેથી અને કેવી રીતે મળી ?

(310) ‘પાણીની દિવાલ’ના સમુદ્રના રુદ્ર સ્વરૂપનું વર્ણન કરો.

(311) નિકુંજ કઈ-કઈ યુક્તિથી નિધિને પિયર જતી અટકાવતો ?

(312) આનંદીલાલ ક્રિકેટના દિવસોમાં શું કરે છે ?

(313) ‘તોય દિયોર ડીમ લાઈટ !’ રામુના આ શબ્દો શેનો સંકેત આપે છે ?

(314) ‘હરિયાપણું’ આપણા સૌમાં છે - સમજાવો.

www.ExamFear.com

(315) બાળકોને મન ભવાનભગત શા માટે લાખેણા દેવ હતા ?

(316) કોપાયમાન માનચતુરનું વર્ણન કરો.

(317) સોમેશ્વર શાસ્ત્રીનું ડભોઈમાં શું સ્થાન હતું ?

(318) ગાંધીજીને સત્યરૂપી મોતી શોધતા મરજીવા કેમ કહ્યા ?

(319) માંડવાના લોકોએ અડવાને શા માટે માર્યો ?

(320) આપણાવાળા મેચ હારે તો આનંદીલાલ શું કહે છે ?

(321) ફ્રેંચ સાહેબે એફીલ ટાવર ઉપરથી કૂદી આત્મહત્યા કરવાનું શા માટે વિચાર્યું ?

(322) ધર્મસહિષ્ણુતા એટલે શું ?

(323) રમેશ પોતાની માતાની સ્મૃતિ જાળવી રાખવા કેવું મનોમંથન અનુભવે છે ?

(324) વખત બગાડ્યો છતાં ડીમ લાઈટ જ શા માટે થાય છે ?

(325) ‘સર્વ ધર્મ સમભાવ’ અને ‘સર્વ ધર્મ મમ ભાવ’નો અર્થ સ્પષ્ટ કરો.

(326) લેખક પોતાના શહેરની શેરીને ધ્વન્યાલોક શા માટે કહે છે ?

(327) નિકુંજ ઉત્સાહી નોકર પર કેમ રાજી થયો ?

(328) ‘માતાનું સ્મારક’માં વાર્તા પૂરી કરતાં નાનાભાઈ શેઠની આંખમાંથી આંસુ કેમ ખરી પડ્યા ?

(329) લેખકને શહેરની સાંકડી જગ્યામાં શેની ઘેલછા જાગે છે ? શા માટે ?

(330) સર્જનહારે આપણને શું કહીને ધરતી પર જન્મ આપ્યો હશે ?

(331) સૂર્યોદય સાથે જ કેવા પ્રકારના અવાજો સંભળાય છે ?

(332) ગુફા જોવા જતી વખતે ભાગીરથી આત્માને સ્વચ્છ કરવા વિશે શું કહે છે ?

(333) ક્રિકેટની રમતે લોકમાનસનો કઈ રીતે કબજો લઈ લીધો છે ?

(334) લેખકે સુરેશ જોશી દરેક ફલની જુદી જુદી ભાષાને કઈ રીતે વર્ણવે છે ?

(335) દંડી સ્વામીની વિશેષતાઓ લખો.

(336) નંદુભાઈ નાગરિકોની કઈ કુટેવોથી નારાજ હતા ?

(337) બૅગ-બિસ્તર જોઈને ઑફિસેથી આવેલા નિકુંજની હાલત કેવી થઈ ગઈ ?

- **સવિસ્તર ઉત્તર આપો.**

(338) ઝવેરદાદાની ઉદારતા કયા-કયા પ્રસંગોએ જોવા મળી ?

(339) ઝવેરભાઈના નામે રચાયેલા સ્મારકો પ્રેમના નહિ પણ સ્પર્ધાના પ્રતીકો હતા એમ શા પરથી કહેશો ?

(340) રામુએ સાહેબને શી રીતે સીધો દોર કર્યો ?

(341) ‘ડીમ લાઈટ’માં આલેખાયેલી પ્રજાજીવનની લાક્ષણિકતાઓ લખો.

(342) ‘મારો અસબાબ’ શીર્ષકની ચર્ચા કરો.

(343) ‘પડે છે ત્યારે સઘળુ પડે છે’ - ચર્ચા કરો.

(344) માનચતુરે જોયેલી ઘરની અવદશાનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

(345) સોમેશ્વર શાસ્ત્રી હીરાધરની કલાકૃતિઓ જેમ્સ ફોર્બસને સોંપવા શા માટે તૈયાર થયા ?

www.ExamFear.com

(346) નિધિ-નિકુંજનું પ્રસન્ન દામ્પત્યહતું, એમ શાને આધારે કહેશો ?

(347) ક્રિકેટની રમતે લોકમાનસનો કઈ રીતે કબજો લઈ લીધો છે ?

(348) ‘માતાનું સ્મારક’ શીર્ષકની યોગ્યતા ચર્ચો.

(349) ધર્મલક્ષ્મીનો પાત્ર પરિચય આપો.

(340) પાંસઠ જાતના ફોર્મ હરિયાએ ભર્યા - તેમાં શો કટાક્ષ છે ?

(341) ‘પાણીની દીવાલ’ શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

(342) ભવાન ભગતનું પાત્રલેખન કરો.

(343) શ્રી સુરેશ જોશીનો પ્રકૃતિપ્રેમ વર્ણવો.

(344) ‘સમગ્ર દેશમાં ડીમલાઈટ છે’ - શી રીતે ?

(345) મનુભાઈ ગુગલીનો ક્રિકેટ પ્રેમ વર્ણવો ?

(346) મોહન અને મહાદેવનું તાદામ્ય અચરજ પમાડે તેવું હતું - સદષ્ટાંત સમજાવો.

(347) ‘માર્બલ રૉક્સ’ના સૌંદર્યનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

(348) ‘ઈંટોના સાત રંગ’ શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

(349) ‘અડવાનો વેશ’માં પ્રગટ થતું હાસ્ય વર્ણવો.

(350) કિલ્લામાં બાળકોએ કરેલા સાહસો વર્ણવો.

(351) ‘વિનિપાત’ શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

(352) રાજા સાહેબ અને ખ્વાજા સાહેબ વચ્ચેની મૈત્રીનું આલેખન કરો.

(353) ભવાન ભગત બાળકોને નિર્ભયતાના પાઠ શી રીતે શીખવતા ?

(354) સૌની રીસ ડોસાએ ડોશી પર શા માટે ઉતારી ?

(355) ઈશ્વર કૃપાથી અડવો શી રીતે સુખી થયો.

(356) ઢળતી સાંજની શેરીનું ધ્વનિ-વૈવિધ્ય વર્ણવો.

(357) ‘મહાદેવની ડાયરી’ એક ગ્રંથમણિ - ચર્ચો.

(358) પરમગરમ પરમસુખભાઈનો ક્રિકેટ પ્રેમ વર્ણવો.

(359) બેગમ રાજા અને બેગમ ખ્વાજાની લાક્ષણિકતાઓનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

(360) પોતાનું મોત સુધરી ગયાની લાગણી ભગત શા માટે અનુભવે છે ?

(361) સજ્જન કુટુંબની ખાનદાનીનો વારસો નંદુભાઈમાં શી રીતે ઉતર્યો હતો ?

(362) આનંદીલાલની ક્રિકેટ પાછળની ઘેલછા કેવા પ્રકારની છે ?

(363) દેશમાં લાંચરુશ્વત તળિયેથી ઉપર સુધી વ્યાપ્ત છે - તેનો પુરાવો - ‘ડીમલાઈટ’ એકાંકીમાંથી વર્ણવો.

(364) દ્રૌપદીનું જાજરમાન વ્યક્તિત્વ - વર્ણવો.

(365) લેખકનાં બાળપણનાં તમને ગમતાં બે ‘પરાક્રમ’ વર્ણવો.

(366) ધૂંઆધારના ધોધનું પ્રચંડ સ્વરૂપ વર્ણવો.

(367) નંદુલાલભાઈએ મિલોની વ્યવસ્થામાં શી ક્રાંતિ આણી ?

www.ExamFear.com

● **માંગ્યા પ્રમાણે ઉત્તર લખો.**

(368) ‘મારું બાળપણનું વન’નો (સાહિત્યપ્રકાર જણાવો.)
(369) ‘બેમા’ મૂળ કઈ ભાષામાં લખાયેલી છે.
(370) ‘હરિયો’ કઈ કૃતિનું પાત્ર - (કૃતિનું નામ જણાવો.)
(371) ‘મોહન અને મહાદેવ’ - (સાહિત્ય પ્રકાર જણાવો)
(372) ‘ડીમલાઈટ’ એકાંકી (કઈ બોલીમાં લખાયેલું છે.)
(373) ‘માતાનું સ્મારક’નો (સાહિત્ય પ્રકાર જણાવો.)
(374) ‘મારો અસબાબ’ (લેખિકાનું નામ જણાવો.)
(375) રઘુવીર ચૌધરીનું કયું એકાંકી તમારા પાઠ્યપુસ્તકમાં છે.
(376) મનુભાઈ પંચોલીનું તખ્ખલુસ કયું હતું. (તખલ્લુસ લખો)
(377) યશવંત શુકલનો કયો નિબંધ તમારા પાઠ્યપુસ્તકમાં છે. (નિબંધનું નામ લખો.)
(378) ‘વિનિપાત’ના (લેખકનું નામ જણાવો.)
(379) ભવાન ભગત સાહિત્ય પ્રકાર કયો. (પ્રકાર લખો)
(380) દંડી સ્વામીનું પાત્ર કઈ કૃતિનું છે. (કૃતિનું નામ લખો)
(381) કવિ ન્હાનાલાલની કઈ કૃતિ તમારા પાઠ્યપુસ્તકમાં છે
(382) ‘પાણીની દીવાલ’ (સાહિત્ય પ્રકાર કયો) ?
(383) “લોકસંમતિ એ લોકશાહીનું જીવાતુ ભૂત તત્વ છે” આ વિધાન સાચું છે કે ખોટું જણાવો. (‘હા’ કે ‘ના’ લખો.)
(384) ‘ભરત ગોત્રના લજ્જાચીર’ અંશ (કયા નાટકમાંથી લેવામાં આવ્યો છે.)
(385) સ્વામી આનંદનો કયો ચરિત્ર નિબંધ તમારા પાઠ્યપુસ્તકમાં છે.
(386) ‘રાષ્ટ્રીય શાયર’ તરીકેનું બિરુદ પામનાર લેખકનું નામ લખો.
(387) ધેમકેતુનું આખુ નામ લખો.
(388) ‘બે મા’ નવલિકાના સ્ત્રી પાત્રોના નામ લખો.
(389) ‘બે મા’ .......... લેખક રચિત કૃતી છે.
(390) ‘મારો અસબાબ’ કૃતિનો સાહિત્યપ્રકાર જણાવો.
(391) ‘શહેરની શેરી’નો પ્રકાર જણાવો. (સાહિત્ય પ્રકાર લખો.)
(392) ‘મોંઘી’ કઈ કૃતિનું પાત્ર છે. (કૃતિનું નામ લખો)
(393) ‘માનચતુર અને ધર્મલક્ષ્મી’ કઈ નવલકથામાંથી લીધેલી છે.
(394) ‘ક્રિકેટના કામણ’ (નિબંધનો પ્રકાર જણાવો.)
(395) ‘મોહન અને મહાદેવ’ના (લેખકનું નામ જણાવો.)
(396) ‘અમરો એ ઊડી ગયા’ કઈ કૃતિની પંક્તિ. (કૃતિનું નામ લખો)
(397) એહમદ નદિમ કાસમીએ લખેલ નવલિકાનું નામ જણાવો.
(398) નાનાલાલે લખેલ પદ્યનાટકનું નામ જણાવો.

www.ExamFear.com

(399) 'માતાનું સ્મારક' કૃતિ શેમાંથી લેવામાં આવી છે. (સંગ્રહનું નામ લખો)

(400) હરિયાનું પાત્ર કઈ કૃતિનું છે. (કૃતિનું નામ લખો)

(401) 'અડવાનો વેશ (સાહિત્ય પ્રકાર જણાવો.)

(402) વસિયત નામાનો ઉલ્લેખ (કયા પાઠમાં આવે છે ?)

(403) શહેરની શેરી એટલે કેવો લોક ? ... (વાક્ય પૂર્ણ કરો)

(404) 'વિનિપાત'ના (લેખકનું તખલ્લુસ કયું છે ?)

(405) અવલનું પાત્ર કઈ કૃતિનું છે.

(406) 'મારું બાળપણનું વન' (કઈ કૃતિનું છે.)

(407) મધુરાયની કઈ કૃતિ તમારા પાઠ્યપુસ્તકમાં છે.

(408) 'તેજી'નું પાત્ર કઈ કૃતિનું છે.

(409) "ઝવેરબાપા" ચરિત્રખંડના લેખકનું તખલ્લુસ જણાવો.

(410) ધૂમકેતુની કઈ વાર્તા તમારા પાઠ્યપુસ્તકમાં લેવાયેલ છે.

(411) 'ભવાન ભગત'ના લેખક કોણ ? (લેખકનું નામ લખો)

(412) 'ઝાકળ જેવા અણદીઠ' કૃતિ (શેમાંથી લેવામાંઆવી છે.)

(413) ડોલનશૈલીના રચયિતાનું નામ જણાવો.

(414) સ્વામી આનંદનું પૂર્વાશ્રમનું નામ લખો.

(415) 'મારો અસબાબ' વાર્તાના દંપતી પાત્રોના નામ જણાવો.

(416) મધુરાયનું પૂરું નામ લખો. (લેખકનું નામ લખો)

(417) મોહમ્મદ માકંડની કઈ નવલિકા તમારા પાઠ્યપુસ્તકમાં છે.

(418) 'ઈંટોના સાત રંગ' (કયા સંગ્રહમાંથી લીધેલ છે.)

● **નીચેની ઉક્તિ કોણ બોલે છે અને કોને કહેછે.**

(419) 'તો હું ઓરવા બેસીશ, પણ તને વીલી નહીં મૂકું'

(420) નેના નેનાં છોકરાંની મા, ને મારી વહુ,મને ઘી ચોપડીને રોટલી આપ.

(421) શાપમુખીને મૂંગી કરોછો ? કે વધ કરું એ કાળનેત્રીનો ?

(422) તો પાંડવોને તપોવનસેવવાધો, સતીને પતિસેવામાંરોકો.

(423) બળ્યું લાજાં અવંતો લાજાં, મારુંઆણું કર્યય ચાર વરહ થ્યાં ?

(424) મું કોઈને લાંચ નહીં આલતો !

(425) સમજો ને કે ચા-પાણીમાં પત્યું !

(426) એને તો દેવ જડશે ત્યાં સુધી લાંઘણો કરવી પડશે.

(427) અરેરે ! આવાં નાસ્તિક વચન ન બોલતા હો તો શું થાય ?

(428) આજે તો ગોળીમાં નાખ્યા,પણ હવે ભૂખે મારીશ તો કૂવામાં નાખીશ.

(429) મારી બા કેતી'તી દરિયો માજા મૂકે તો સંધુય તાણી જાય.

www.ExamFear.com

(430) દરિયાને પાણકા નો વાગે. એમ તો આપણે હલેસાં મારીએ ઈ કાંઈ દરિયાને વાગે ?

(431) વાંધો નતી નાં ? - હાસ્તો, ભલે ને, એનો જીવ સંતોષાતો. આપણે બીજા બહુ પડ્યા છે.

(432) 'હું પણ હવે આ સ્થળનો બે-ચાર દિવસનો મહેમાન છું ?

(433) ઝવેરીબાઈ અને એમના પુત્રે મારું મન રોકી દીધું.

(434) મારે તમને કહેવું નહોતું, પણ કહીજ દઉં.

(435) મને લાગે છે કે, તું પાછી આવશે ત્યાં સુધીમાં તો આ ઘરમાં મહેફિલો જામતી થઈ ગઈ હશે.

(436) તો પાંડવોને તપોવનને સેવા દો;

સતીને પતિસેવામાં સોંપો.

(437) બની શકે તો એટલું આપો, બીજું મારે કંઈ જોઈતું નથી.

(438) તમારી બા મોટી ઉંમરના હતાં ?

(439) અત્યારે ને અત્યારે એને રજા આપી દો !

(440) આ ટાવર ક્યાં ઈંટોનો બનેલો છે ?

(441) અલ્યા, તારા જેવો મનેય લાજશરમ વનાનો ધાર્યો.

(442) હાચું કવ છું આ મણાની વહુ મારી માનો અવતાર છે.

(443) ને દાદાએ આપણને રડવાનું ક્યાં શિખવાડ્યું છે ?

(444) આપણે આનું નામ ઝવેર-1 પાડીએ.

(445) લાખ-દોઢ લાખ સિવાય આવું ન બને.

(446) આ તો ભઈસાબ બે જીવતી-જાગતી સ્ત્રીઓ છે.

(447) રહેવા દે, કહું છું, ઊંબાડિયું મૂકી દે, નહિતર મારા જેવી ભૂંડી કોઈ નથી.

(448) "લક્ષ્મણ વિના રામનું કામ થાત જ નહીં.

www.ExamFear.com

•••

## Section-B

- **નીચે આપેલા વાક્યોને લેખનરૂઢિ અને ભાષાદષ્ટિએ સુધારી ફરીથી લખો.**

(1) તારે એને ભારેમાં ભારે કીંમતી ઉપહાર ભેટ આપવો જોઈએ.

(2) મૃત્યુ એટલે નવ જન્મનો જાતનો પ્રવેશદ્વાર દરવાજો.

(3) ઘરમાં ડોસીએ 2-3 આંટા માર્યા.

(4) હું ગોરમાને પાંચે આંગળી વડે પૂજ્યા.

(5) દરેક ખેલાડીઓને લાખ-લાખ રૂપિયાનાં ઈનામ જાહેર કરી દે છે.

(6) સજ્જન માણસની સૃજનતાને ન ઉલ્લંઘો.

(7) જે પરાયી પીડા જાણે છે, તેને વૈષ્ણવજન કહીએ.

(8) બલ્બનો ગોળો ભરાવતા અમારે નહિ આવળતો હોય.

(9) તમે મારા ઘરચોળામાં આખા ઘરની ઘરવખરી જાણે ભરી લીધી.

(10) નંદુલાલની ટાપચટીપ, ટીવટ અને ઉમદા સ્વભાવ જિવનભર જેવી ને તેવી રહી.

(11) પાનખર ઋતુમાં પાન પીળા થવા ખરી પડે છે.

(12) મગન રોજે રોજ કંઈ નવુ નવીન કરે છે.

(13) હું પાટણ ગામનો ગામવાસી છું.

(14) રાષ્ટ્રભાવના દેખાડવા ખાતર પણ રેંટિયો ફેરવવું જોઈએ.

(15) મૃત્યુ એટલે નવ જન્મનો જાતનો દરવાજો.

(16) મારા હાથમાં હું મહેંદી પાથરું છું.

(17) દિવસના હરેક કલાકોની હરેક પળોએ અહીં કોઈ ને કોઈ અવાજ હાજર હોય છે.

(18) ચરણામૃત પિવાનો અમારે નિયમ છે.

(19) મેં એકાદ અઠવાવિડાયે લખવાની વ્યર્થ નકામી મહેનત કરી.

(20) અમારું રોજબરોજનું રોજિંદુ કામ ચાલતું હતું.

(21) કિલ્લના જીર્ણ બાકી રહેલા અવશેષો અમારી સાહસ કરવાની સાહસભૂમિ હતી.

(22) માના હૈયામાં સૂઈ-સૂઈને હું કસુંબીનો રંગ પીધો.

(23) તકન સામે છેડેથી જળ ફરક્યું અને એ શુભ જળ ચમક્યું.

(24) રસ્તે રખડવામાં અમારો આનંદ ભલે તમે છીનવી દીધું.

(25) તમે ધગધગતા ધૂણીના અંગાર છે.

(26) ક્યાંય ન સમાય એવો આનંદ આજે મારા ઉરમાં ઉગે છે.

(27) કોઈના પાગલ પણાની હાંસી ઊડવા લોકો ટોળામાં વળે છે.

(28) નાનક હાથ હેઠા નીચે રાખીને એ પંખીઓને ચણતા જાયો કરે છે.

(29) ભાવિના તે મધુરા ગાન સાંભળશે.

(30) આંખના એક પતકારામાં નાવ સમુદ્ર ડૂબી ગયો.

www.ExamFear.com

(31) નાવમાં એક યુવતી સ્ત્રી તેની બાળકીને છાતીએ વળગાડીને બેઠી હતી.

(32) હું સુરત શહેરનો સુરતી વાસી છું.

(33) જ્વાળામુખીની જ્વાળાઓ કૌરવવનને ભસ્મ કરવા માટે ભસ્મીભૂત કરશો.

(34) ડોશી બાળપણથી જ નાનપણના ધર્મ સંસ્કારના બંધનમાં હતી.

(35) એમની બેબી ય હશે એટલે ધમા ચકડીમાંય ઘરમાં સુનકાર નહિ લાગે.

(36) મૂરખાઓને દશ વાર ક્રિકેટ રમવાની બંધી મૂકી દેવી જોઈએ.

(37) સ્વર્ગસ્થી નંદુલાલ મહેતા એક સાધૂચરિત સજ્જન માણસ હતા.

(38) 5-5નો દ્રૌપદી અનાથ છે.

(39) ચરણ મૃત પિવાનો અમારે નીયમ છે.

(40) વાધ્વી ઝરમર ઝરમર વરસવા શાંત થઈ ગઈ.

- **વાક્યોમાં ખોટા પ્રત્યયો સુધારો.**

(41) આ કૃતિઓનો સાચવી રાખવા પ્રયાસ ન કરો.

(42) આપણે માનવી તરીકેનો જીવન મળ્યો છે.

(43) પીળા પાંદડામાં ઘોડા ડૂબવા લાગ્યા.

(44) ધૂંઆધારમાં જ સંગેમરમર ખડકો નર્મદામાં માર્ગ રૂંધીને ઊભા છે.

(45) આંધળા સસરાથી લાજ કાઢવામાં કાંઈ શાણપણ નથી.

(46) આ વાતને સાંભળીને ઈન્દુ હૈયાથી હરખ પામ્યા.

(47) વનમાંથી એક વાવડીએ નિર્મળ નીર ભર્યું છે.

(48) મેં મારા મૈયરમા નહિ જાઉં.

(49) હવાને બહાર નીકળવામાં હિંમત નથી.

(50) ભક્તોની તંબુરે ટપકતો મસ્તીભર્યા કસુંબીનો રંગ મેં ચાખ્યો.

(51) વાટની વચ્ચે ક્યારેક વિદાયના વેળા નક્કી આવશે.

(52) ફૂલોની સુગંધથી અમારી સાથે નાતો જાળવ્યો છે.

(53) અવાજમાં વૈભવ લ્હેકા લ્હેકાએ મ્હોર્યો છે.

(54) મારા નેવાંની હારબંધ ટોળું એક સામટું મોભામાં ચડે છે.

(55) બાઈજી, હવે મને ભીંતમાંથી ઉતારો.

(56) હાથની કરતાલ અને ચિત્તની ચાનક હશે તો નરસિંહનું સ્થાનક જડી જશે.

(57) આ સિન્ધુથી નાવડું કંઈક વેગમાં ઉછળી રહ્યું છે.

(58) રાજા શ્વાસમાં શ્વાસમાં એનું જ રટણ કરી રહ્યો છે.

(59) આજ્ઞા ઋષિથી રાજાને કેમ લોપાય ?

(60) આકાશથી પંખી બારીથી આવીને બેસે છે.

(61) ચોરોથી સોનીના લૂંટી લીધો.

www.ExamFear.com

(62) વહુ, મને નાવામાં પાણી આપ.

(63) ભરત ગોત્રથી લૂંટાતા નથી એ લાજ ?

(64) જોઈતાકાકાને ઘરથી વાયર ખેંચીએ છીએ.

(65) દેવ અચિંત્યા પાલખામાં ક્યાં ગયા તે જણાતું નથી.

(66) ધર્મના સંસ્કાર ધર્મલક્ષ્મી પર કુમળી વયમાં જ વર્જલેપ થયા હતા.

(67) ડોસો કૂતરાએ હાંકી બારણું વાસી ધર્મલક્ષ્મીથી ઓરડી ભણી ગયો.

(68) બીજાનું કામ દખલ નહીં કરો ત્યાં સુધી આ પૃથ્વી તમને જીવવા જેવી લાગશે.

(69) સાંજે ઝાંખા પ્રકાશે એમની આંખોમાં ખરતાં આંસુ જોયાં.

(70) ઘરની જમણી બાજુમાં ભીંતે એક કેલેન્ડર હતું.

● **નીચેના વાક્યોમાંથી સંયોજકો શોધીને લખો.**

(71) પરદુઃખે ઉપકાર કરે ને મન અભિમાન ન આણે રે.

(72) એક મૂરખને એવી ટેવ કે પથ્થર એટલા પૂજે દેવ.

(73) જેના મુખમાં દાંત નથી છતાં તેને દમયંતીને પરણવાના કોડ છે.

(74) તું દૂર દૂર છે છતાં તારો સહકાર મળી રહે છે.ય

(75) ખલાસી, નાવને વેગથી પણ સાવચેતીથી હંકારજે, કેમકે મારી બાળકી મોંઘામૂલી છે.

(76) હું જળાશયની નજીક જરા આમતેમ ફરતો હતો ત્યારે અંધકાર ભેદીને બે-ત્રણ માછીમારો વાતો કરી રહ્યા હતા.

(77) બે-ત્રણ માછીમારો ત્યાં વાતો કરી રહ્યા હતા.

(78) નામ બોલી દો અને આ કન્યા તમારી સાથે લઈ જાઓ.

(79) આપણે તો દુકાને બેઠા ને જેને તેને માન-અકરામથી બોલાવ્યા.

(80) એનું ખોડીબારું ઓળંગવા પગ દીધો ત્યાં સૂર્યાસ્ત થયો.

(81) એ મહાવીરનાં ખડ્ગ નથી, પરંતુ કેશાવલી સમારવાના કાંસકા છે.

(82) તમે મને કેવા કટાણે પોંખી હતી કે મારા શૈશવનો મધુર કલરવ ચાલ્યો ગયો.

(83) અંદર જતાં ટોર્ચ સળગાવી ત્યાં જ હું ચીસ પાડતાં રહી ગયો અને તરત બહાર આવ્યો.

(84) જેમ્સ ફોર્બસ બોલ્યા નહિ, પણ એના અંતઃકરણમાં જાણે ઝીણી શી લોઢાની મેખ પેસી ગઈ.

(85) શબ્દમાં ઘાટ કલ્પી શકાય છે, પણ રંગીનતા અત્યારે અને અહીં જોવામાં આવે છે.

(86) શેરી સૂવા માંડી છે, પણ એમ ન માનતા કે એની નીંદ અવાજ હીણી છે.

(87) સાંજ થઈ પણ પાણી તો એવું ને એવું જ રહ્યું.

(88) બે-ત્રણ બસસ્ટેન્ડ ગયા ને એક પેસન્જ ચડ્યો.

(89) ધર્મ પણ આખરે મત છે, એટલે મત સહિષ્ણુતાનું એક રૂપ તે ધર્મ સહિષ્ણુતા છે.

(90) ગાંધીજીએ કહ્યું હતું કે તેઓ સો વર્ષનું કામ પચાસ વર્ષમાં કરી ગયા.

www.ExamFear.com

● **નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દોના યોગ્ય જોડજા જોડો.**

| | **અ** | **બ** | **ક** |
|---|---|---|---|
| (91) | પ્રવાસ | ગર્વ | વગોવણી |
| (92) | પીડ | સલિલ | રસના |
| (94) | અભિમાન | જીભ | વારિ |
| (94) | નિંદા | કોમળ | ખેપ |
| (95) | વાચ | મા | ભાષા |
| (96) | પાણી | મુસાફરી | મૃદુ |
| (97) | જનની | હદ | સીમા |
| (98) | જિહ્વા | દુઃખ | માતા |
| (99) | મુલાયમ | કૂથલી | આપદા |
| (100) | મરજાદા | વાણી | ઘમંડ |
| (101) | રેત | હુલ્લડ | બંડ |
| (102) | બગાવત | નીપજ | વેણુ |
| (103) | પ્રસવ | મોરલી | પેદાશ |
| (104) | વાંસળી | સિકતા | પ્રસૂતિ |
| (105) | ઊપજ | સુવાવડ | વેળું |
| (106) | બુડથલ | વનવાસી | બેનમૂન |
| (107) | અદ્વિતીય | ઉપવાસ | પૂંજો |
| (108) | આરણ્યક | બેવકૂફ | અનશન |
| (109) | લાંઘણ | કચરો | જંગલી |
| (110) | વાસીદું | અજોડ | મૂર્ખ |
| (111) | બંદગી | વાદળ | પ્રજ્ઞા |
| (112) | નાવ | કુસુમ | વિષ |
| (113) | ઉમર | નુપુર | દીપક |
| (114) | આજ્ઞા | પ્રાર્થના | ઈશસ્તુતિ |
| (115) | હળાહળ | વય | મેઘ |

www.ExamFear.com

| | | | |
|---|---|---|---|
| (116) | ફલ | જાતિ | નૌકા |
| (117) | ઝાંઝર | શમા | આયુ |
| (118) | બુધ્ધિ | હુકમ | પુષ્પ |
| (119) | દીવો | ઝેર | ફરમાન |
| (120) | અભ્ર | હોડી | પાયલ |
| (121) | પ્રતીતિ | વનવાસી | ઉખાણુ |
| (122) | મોરબી | ઉદાહરણ | પંથ |
| (123) | ઓજસ્વી | સ્વામી | ફોગટ |
| (124) | દષ્ટાંત | સમસ્યા | ઝરૂખો |
| (125) | વ્યર્થ | ધર્મ | જંગલી |
| (126) | ભરથાર | છજું | પ્રભાવશાળી |
| (127) | મજહબ | નકામું | દાખલો |
| (128) | અટારી | તેજસ્વી | ખાતરી |
| (129) | કોયડો | વાંસળી | પતિ |
| (130) | આરણ્યક | ભરોસો | વેણુ |

- **રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ આપી, વાક્ય ફરીથી લખો.**

(131) ગાંધીજી સત્યરૂપી મોતી શોધતા મરજીવા છે.

(132) મહાદેવનું જીવન એટલે ભક્તિનું અખંડ કાવ્ય.

(133) ઝરેવદાદાનું લોકભારતીમાં આગમન શુકનિયાળ સાબિત થયું.

(134) સંતો સહિષ્ણુતા શીખવે છે.

(135) ભવાનકાકાને તીરકામઠાં પર ભારે કાબૂ હતો.

(136) મનુષ્યબુધ્ધિ સીમિત હોય છે.

(137) વિચારો તો પ્રગટ થતા રહેવા જોઈએ.

(138) બેગમોના ઝઘડામાં દખલ કરવાનું રાજા-ખ્વાજાને નિરર્થક લાગતું.

(139) ગાંધીજી બહુ આકરા મુકાદમ હતા.

(140) કુદરત સૌ ઉપર ઉપકાર કરે છે.

(141) સતીનો કશો અપરાધ નથી.

(142) તીર્થ, વ્રત, દાન વગેરે કરવાં સહેલા છે.

(143) તારે એને ભારેમાં ભારે ઉપહાર આપવો જોઈએ હોં !

(144) પરમાર્થ એ પુણ્યનો પંથ છે.

(145) પ્રભુને એ મંજૂર નહોતું.

www.ExamFear.com

(146) ધૂની વૈજ્ઞાનિકને અશક્ય કાંઈ નથી.

(147) આ ઝઘડો અકારણ શરૂ થતો.

(148) ગૃહયંત્રનાં સર્વ ચક્ર શિથિલ પડ્યાં

(149) કુટુંબનું હિત જાળવવું એ એક ધર્મ છે.

(150) મનુભાઈનો મિજાજ ગરમ હતો.

(151) પ્રપાત નદીનું ઐશ્વર્ય છે.

(152) કઈ પત્ની જવાનું સાહસ કરી શકે ?

(153) બહાર રાત્રી જેવો ઘનઅંધકાર છવાયો છે.

(154) કરોડો માણસોનાં જીવન મેં નિષ્ક્રિય કર્યા છે.

(155) એમના તરફ આદરની લાગણી થઈ.

(156) અમે સૂકું રૂનું પૂમડુ છીએ.

(157) વાટમાં નક્કી વિદાયની વેળા આવશે.

(158) વૈભવની દુનિયા અમારી છે.

(159) સૂર્ય દરિયામાં અસ્ત પામી રહ્યો છે.

(160) મને સજીવી હળવાશ ગમે છે.

● **નીચેના શબ્દસમૂહોમાટે એક-એક શબ્દ આપો.**

(161) સ્ત્રીની માતાનું ઘર.

(162) અંકુશ વગરનું.

(163) તારાઓનો સમૂહ.

(164) શરીરની લજ્જા ઢાંકનાર.

(165) છાપરાનો મોભવાળો ભાગ.

(166) લગ્નપ્રસંગે બહેનોએ પહેરવાનું જરીવાળુ રેશમી વસ્ત્ર.

(167) ચિત્રનું ભૂંસાઈ જવું તે.

(168) મરણાધીન દુનિયા.

(169) જળાશયની નજીક

(170) સુધા-જ્યોત્સનાથી ધોળેલી.

(171) પૃથ્વીનું આભૂષણ હોય એવી

(172) કમળમાંથી જન્મેલી.

(173) વંશનો નાશ કરનારું.

(174) કુળવાન અને ખાનદાન સ્ત્રી.

(175) જેનાં નેત્રો સાક્ષાત્ મૃત્યુ જેવા છે તે

(176) ઘૂઘવતા સાગરનો અવાજ.

www.ExamFear.com

(177) મકાનની પાછલી ભીંત.

(178) ઘરના મુખ્ય ઓરડાની બાજુની ઓરડી.

(179) હાથીને હાંકનાર.

(180) શાસ્ત્રોની જાણકાર સ્ત્રી.

(181) જેમાંથી અગ્નિ વરસે તેવું બાણ.

(182) પથ્થર ઘડનારો

(183) કેડનો કંદોરો.

(184) પ્રસ્તાવના રૂપે બે બોલ, ટૂંકામાં ટૂંકું હોય એટલા અક્ષરોવાળું.

(185) અનાજ કે બીજી વસ્તુ ખાંડવાનું પાત્ર.

(186) ખોટું કામ કર્યાની લાગણી.

(187) કોઈ નવી જ વસ્તુની શોધ.

(188) કૂતરાને ખાવાનું નાખવાનું પથ્થરનું ખાડાવાળુ સાધન.

(189) સાફ કરવાનું કપડું.

(190) અંધકાર રૂપી જાળ.

(191) બળતણનું લાકડું.

(192) જોગીબાવાઓની આગળનો અખંડ અગ્નિ કે તેનું સ્થાન.

(193) નિશ્ચય બદલ્યા કરે તેવું, ઢીલાપોચા મનવાળું.

(194) મોતીઓનું તોરણ.

(195) સુખ-આનંદ આપનારી.

(196) સ્પષ્ટ ઉચ્ચારાયેલી વાણી.

(197) અંગ વગરનો દેવ.

(198) વિષ્ણુ ભગવાનનું ધામ.

(199) બોલવાનો મરોડ.

(200) બારણું બંધ રાખવાનું આડું લાકડું કે લોખંડની પટ્ટી.

(201) છતનું રંગબેરંગી કપડું.

(202) અરણ્યથી ઢંકાયેલું.

(203) પાંદડાનો ધીમો અવાજ.

(204) ક્રૌંચ પક્ષીનો શિકાર.

(205) વાંદરો કૂદી જાય તેટલી પહોળી જગ્યા.

(206) (બળદ)ના મોઢે બાંધવાનું ગૂંથેલું બંધણુ.

(207) સાંઠીઓ વણીને બનાવાય છે એવું છજું.

(208) ગૂંથીને બનાવેલો જાળીદાર થેલો.

(209) ગાડું હાંકનારને બેસવાના સ્થાનનું ટેકાનું લાકડું.

www.ExamFear.com

(210) જુદા જુદી જાતિઓના વંશનો અભ્યાસી.

(211) રાજનીતિમાં પ્રવીણ.

(212) આદર્શ સૂચક વાક્ય.

(213) જેની બુદ્ધિ શાંત છે તે.

(214) શબ્દના અર્થનો બોધ કરવાની શક્તિ.

(215) પોતાનો જ મત સાચો છે તેવી જીદ.

(216) બધા ધર્મો મારા છે તેવો ભાવ.

(217) ઘરનો સરસામાન.

(218) સુખદુઃખ આદિ દ્વન્દ્વોને ધીરજથી સહન કરવાની શક્તિ.

(219) આરાધના કે ભક્તિ માટેની વિધિ.

(220) લોહી વહેવડાવવાની ક્રિયા.

(221) સારી નીતિ વાળી.

(222) વપરાશમાં ન હોય તેવો કૂવો.

(223) એક જ કાળમાં થઈ ગયેલ હોય તે.

(224) સાફ કરવાનું.

(225) ખભે ભરાવવાની ઝોળી.

www.ExamFear.com

● **નીચેના તળપદા શબ્દોનાં શિષ્ટ રૂપો આપો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (226) | આણે | (241) | કરત | (256) | તાંબોળ |
| (227) | કાછ | (242) | પતકાળુ | (257) | રેણુ |
| (228) | ગાશું | (243) | અતારે | (258) | ઝોડિયું |
| (229) | વિખ | (244) | પાહણ | (259) | ફાડ |
| (230) | સરગંટ | (245) | કંટરાટી | (260) | આરી |
| (231) | વડું | (246) | પેઠે | (261) | ટૈણપૈણ |
| (232) | ફોફળ | (247) | વાવડ | (262) | હાલ્લો |
| (233) | ઓરતો | (248) | કેડે | (263) | તાલેવાન |
| (234) | ઊજમ | (249) | માંચો | (264) | નેક |
| (235) | પ્રીછવું | (250) | લોથું | (265) | હડળ |
| (236) | દોથો | (251) | પતિયાર | (266) | લગીરે |
| (237) | પંછાયો | (252) | મલાજો | (267) | પતિયાર |
| (238) | કમ્મખો | (253) | પ્રોઢું | (268) | ભો |
| (239) | છાનકુ | (254) | શાહ | (269) | કેડે |
| (240) | ચંગ | (255) | ચંત | (270) | પાણ |

(271) લોધો
(272) વસનો
(273) જલમ
(274) ભૌડું
(275) કોરલું
(276) માડુ
(277) પેઠે
(278) વંઠવું
(279) છાયા
(280) ખફારો.

● **રૂઢિ પ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.**

(281) પડો વજાડવો
(282) રોદણાં રડવા
(283) આંખ દેખાડવી
(284) મૂછે તાવ દેવો
(285) ચારે હાથ ભોંયે પડવા
(286) આંખનું કાજળ ગાલે ઘસવું
(287) કાન ફાટવા
(288) વાયે વિચાર જવા
(289) કપટીનું ચપટ થવું
(290) ભવ પાર ઊતરવો
(291) મૂઠ વાળવી
(292) વાળ્યું ન વળવું
(293) રંગ લાગવો
(294) હૈયે પડ્યું હોવું
(295) મોં બગાડવું
(296) જીવ પાણે આવવો
(297) દિલમાં ડૂબવું
(298) બીલું મૂકવું
(299) આંખે પડળ આવવું
(300) માળાનો મોર
(301) અંક વળવો
(302) આપ ખોલવું
(303) ઉંબરાની મરજાદ
(304) ખેલ માંડવો
(305) દીવાસળી મેલવી
(306) ચોખા મેલવા
(307) ગડમથલ કરવી
(308) બુહાગીરી કરવી
(309) મૂછે તાવ દેવો
(310) તલવારની ધાર પર ચાલવું
(311) લોઢાની મેખ પેસી જવી
(312) ટાંચ આવવી
(313) હથિયાર હેઠાં મૂકવાં
(314) ધોળાં આવવાં
(315) સારીગમ છોડવી
(316) ખો ભૂલી જવી
(317) બાકરી બાંધવી
(318) નો'રા કરવા
(319) માથે હાથ દેવો
(320) બંગડી મોકલવી
(321) ફૂંફાડો મારવો
(322) આંચ ન આવવી

www.ExamFear.com

● **નીચેના શબ્દોની જોડણી સુધારી ફરી લખો.**

(323) વૈષ્નવ
(324) અભીમાન
(325) ગોવીંદ
(326) જીહવા
(327) અમ્રત
(328) ગીરીધર
(329) નીયમ
(330) દેહભીમાન
(331) તિરથ
(332) વૃદ્ધ
(333) રૂચિ
(334) પત્થર
(335) ઉત્પાત
(336) વેખરિ
(337) કાસ્ટ
(338) નીરમલ
(339) કોતૂક
(340) વનીતા
(341) મહિપાત
(342) શાશુ
(343) ગીરિશ્રુગ
(344) ગ્રિસ્મ
(345) વીસાળ
(346) નીરાત
(347) પ્રતીતિ
(348) ગ્યાનપીપાસુ
(349) નરૂપયોગી
(350) શાનતવન
(351) મહીયારિ
(352) પરીવરતન

| | | | | | |
|---|---|---|---|---|---|
| (353) | સંકૂચીત | (358) | જડિબુટ્ટી | (362) | જીંદગી |
| (354) | વિલિન | (359) | મહસૂલી | (363) | મીતાક્સરરી |
| (355) | રખશદ | (360) | પારથક્ય | (364) | અંતસ્પર્સી |
| (356) | નૌનિરમાન | (361) | મોલીક | (365) | અભીસરાપ |
| (357) | પરીશ્રમ | | | | |

● **નીચેના વાક્યોને પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ ગોઠવી વાક્યો ફરીથી લખો.**

(366) વૃધ્ધ રહ્યો ફોર્બસ સાદા જોઈ તેજસ્વી તરફ શાસ્ત્રી.

(367) દ્રૌપદી છે 'અનાર્યત્વનો અખાડો' ગણે રાજસભાને

(368) તંદુરસ્ત સુધી જમાનામાં માણસ પચાસ પહેલાંના વર્ષ રહેતા

(369) વાવ આ બળ્યા ધોળા ને પેટ બળ્યુ આ !

(370) સ્મિત રહી હતી કરી કેવું પેલી હીરાધરની યક્ષકન્યા !

(371) નિધિએ વાળી લેવાની વિદાય મિતાક્ષરી ગાંઠ મનમાં.

(372) મઝા હતી ખૂબ હરિયાને ગણવામાં ઈંટો પડી.

(373) સાહસભૂમિ જીર્ણ અમારી કિલ્લાના હતી અવશેષો

(374) મૂંગા-મૂંગા શકતા મનુભાઈ મેચ જોઈ ગુગલી નથી.

(375) લાખેણા હતા મન ભવાન બાળકોને ભગત દેવ

(376) ખૂબ ખોટ મહાદેવભાઈના ગાંધીજીને મૃત્યુની સાલની

(377) નથી વિનાજ મનુષ્યને ચાલવાનું ધર્મ.

(378) તે મૂરખીઓ હાય અલી કેવી આપણેયે હાય !

(379) તો ભાઈસાહેબ છે સ્ત્રીઓ આ બે જીવતી-જાગતી.

(380) કાબૂ પર ભવાનકાકાને હતો ભારે તીરકામઠાં.

(381) આપણે છીએ કવિતામાં કહીએ એમ ફૂલ બોલે છે.

(382) આવે છે સાંજ ઢળતી.

(383) નિર્દય કાંટો ઘડિયાળનો સમયજતો કાપ્યે હતો રીતે.

(384) ઘડિયાળના કાંટાના સમય સૅકન્ડના ત્યારે મપાતો પગલે નહોતો.

(385) ત્યારે પૂંજાના મલકમાં આ ધર્મીને અરેરાટો આવા ત્યાં થઈ ગયેલો મોત પાડી દઈ.

(386) માર્બલ-રૉક્સ એ જોવા કરતાં નૌકાવિહાર જિંદગીનો કરતા લાહવો છે.

(387) વ્યક્તિત્વ બાપુનું વૈશાખની સૂર્ય જેવું સમગ્ર બપોરના જેવું પ્રખર હતું.

(388) અઠવાડિયું મેં વ્યર્થ એકાદ કરી લખવાની મહેનત કરી જોઈ.

(389) મુંબઈને એક કાળે સુરત શહેર આજની એવી કીર્તિને સમૃદ્ધિવાળું ઝાંખી પાડે શહેર હતું.

● **નીચેના વાક્યોને સાદા વાક્યો રૂપે છૂટાં પાડી ફરીથી લખો.**

(390) એમના પતિદેવો એ અમને કહ્યું કે, હવે કુરાનની આયાત પઢો.

www.ExamFear.com

(391) છ-છ સહાયકો છે, છતાં મહાદેવની ખોટ વરતાય છે.

(392) શાસ્ત્રીજી હજી આગળ વધત પણ એટલામાં એમની પુત્રીએ વળી ટકોર કરી.

(393) એમનું પાપ મને આપજો ને મારું પુણ્ય એમને જજો.

(394) સૂર્યોદય થયો અને મામીની શિખામણ યાદ આવીને આપણે તો આંટી દઈને જ રહ્યા.

(395) તમે આવાં ગાંડા કાઢશો તો અમે તમારી સાથે નહિ રહીએ.

(396) દુઃખબા રસોઈ કરવા નાહી હતી અને સૌ તૈયાર જેવું હતું, પણ શાક સમાર્યા વિના પડી રહેલું.

(397) અમે નાના હતા ત્યારે એક ગીત બહુ જ પ્રખ્યાત હતું.

(398) નિકુંજના પરાધીન મૌંએ અનેકવાર મારો બાંધેલો સામાન છોડાવ્યો હતો એટલે એની હાજરીમાં મારા નિર્ણયની કોઈ હિલચાલ મેં પરખવા દીધી નહિ.

(399) હરિયો બસમાં બેઠો ત્યારથી એક માણસ તેને જોઈ રહ્યો હતો અને હરિયાને થયું કે એ માણસ તેને કામ આપશે.

(400) ધીમે ધીમે હરિયાને ધ્યાનમાં આવ્યું કે, બધી ઈંટો એક જ છાપની નથી.

(401) સવારનું ઝાકળ પડ્યું હોય તે ઘાસ પર આળોટીએ તો શરીરને બહુ સુખ થતું.

(402) જ્યાં યુદ્ધમંત્ર રચાતો હતો ત્યાં ખૂણામાં જ શિલ્પી હીરાધરની પેલી યક્ષકન્યા કેવું સ્મિત કરી રહી હતી.

(403) પ્રત્યેક ધર્મ એ પરમાત્મતત્વ પ્રત્યેની યાત્રાનો માર્ગ છે, તો પોતાના ધર્મમાં રહીને ધર્મજીવન વિકસાવી શકાય.

(404) આ વેળાની યાત્રાનો મોટો લાભ એ છે કે, એને કિલ્લો કરતાં, રમતાં-ભમતાં નર્મદા સંગ ચાલી રહ્યા છીએ.

(405) એમના પિતા તરણાથીયે નમ્ર તરુવર જેવા સહિષ્ણુ વૈષ્ણવ હતાં.

(406) ડોસોડોસીના સ્વભાવમાં ઘણીક જાતનો ફેર હતો છતાં તેમનો સંસાર નિર્માલ્ય ન હતો.

(407) જ્યારે હું અહીં ત્રણ દિવસ ને ત્રણ રાત રહ્યો હતો ત્યારે ચાંજની રાતે ધૂંઆધાર ઈન્દ્રધનુષ પણ જોયું હતું.

(408) ભવાન ભગતને વનવાસ લીધે બારમું વરસ ચાલતું હતું તે ગામમાં એમનો જવાનજોધ દીકરો પૂંજો ફાટી પડ્યો.

(409) લોકભારતીએ બીજું કંઈ ન કર્યું હોત અને ફક્ત આ એક જ કામ કર્યું હોત તો પણ ગુજરાત પર તેણે ભારે ઉપકાર કર્યો કહેવાત.

(410) તું મારા દીકરાના પેટમાં ચાકુ મારે ને હું તારું કલેજું ન ખાઉં તો શું તને પોંખુ ?

(411) ખેતરના ધણી આપણને અધમૂઆ કરે ને આપણે બેઠા બેઠા રડીએ.

(412) પ્રત્યેક ધર્મ એ પરમતત્ત્વ પ્રત્યેની યાત્રાનો માર્ગ છે, તો પોતાના ધર્મમાં રહીને ધર્મજીવન વિકસાવી શકાય.

(413) એ સમજી ગયો હતો કે, મહાજન કરતા જુદી જ રીતભાવનો માનવ તેની સામે ઊભો છે.

(414) મારા ડોસા વાત કરતા કે પહેલાંના જમાનામાં માણસ પચાસ-સાઠ વર્ષ સુધી તો પાડા જેવો રહેતો.

(415) પિંકી કહે છે કે, મોટા બાને વચ્ચે વચ્ચે દાર્શનિકતાના હુમલા આવતા રહે છે.

(416) મગન કેતો'તો કે પચી રૂપિયામાં પતી જશે, નઈ તો પચી દુ પચા દંડ થશે.

(417) કોઈ સારું રમે તો એ ઊભા થઈ જઈને કૂદીને, તાળી પાડી ઊઠીન, જોડે બેઠેલાને વળી ધબ્બો પણ લગાવે.

- **નીચે આપેલા વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યોરૂપે ફરીથી લખો.**

(418) છેલ્લા ત્રીસ વર્ષથી આ વાક્ય સાંભળી રહ્યો છું. મને આનું જરાય દુઃખ ન થયું.

(419) બાળક એકેએક સંપેતરું સ્વચ્છ કકડા કે કાગળમાં સફાઈથી બાંધે. જોનારને તે સંપેતરું વાઈટવે લેઈડલી કે આર્મી નેવી સ્ટોરમાંથી આવ્યાનો આભાસ થાય.

www.ExamFear.com

(420) તેને હાર-જીત જોડે સંબંધ નહોતો. વચ્ચે કંઈ વિદ્યુત પ્રવાહની ખામીને લીધે દોઢ મિનિટ ટીવી અટકી પડેલો. એમણે ચિઢાઈને ધડ દઈને ટીવી સેટને ઉપરાઉપરી બે તમાચા લગાવી દીધેલા.

(421) આ જોડીના સંબંધમાં મહાદેવભાઈની ભક્તિએ કામ કર્યું હતું. ગાંધીજીના ચુંબકત્વે પણ કર્યુ હતું.

(422) એમના હાજાં ભલાંનો કાગળ આવતો. ડોસાના કરચળિયાળા ચહેરા પર રાજીપાની ચોકળીઓ અંકાઈ જતી.

(423) પ્રત્યેક પ્રત્યેક ધર્મ એ પરમાત્મતત્વ પ્રત્યેની યાત્રાનો એક માર્ગ છે. પોતાના ધર્મમાં રહીને ધર્મજીવન વિકસાવી શકાય છે.

(424) તમારાથી થતું નથી. મારે હાથે થવા દેતા નથી.

(425) એને યાદ આવ્યું. એને બાવનમું બેઠું હતું. એની આખી પોળ પૂરી થઈ હતી.

(426) અચાનક મને લાગ્યું. વાતાવરણમાં આજે ઉકળાટ છે પવન પણ થંભી ગયો છે.

(427) મેં છાપામાંથી માથું ઊંચું કર્યું, મારે ઊતરવાનું હતું. બસ બે સ્ટેન્ડ આગળ નીકળી ગયેલી.

(428) પેલાં મકાનોને જોઈને મને આશ્ચર્ય નહોતું થયું. આ વાત સાંભળતાં એટલું આશ્ચર્ય થયું. હું લાકડાની જેમ જડ થઈ ગયો.

(429) લોકોને ઘેર અનાજના ખળાં આવ્યાં. તમારે ઘેર પણ ખળાં આવ્યાં.

(430) માનચતુરનો સ્વભાવ ઉગ્ર હતો. ગૃહિણીને વખત જોઈ ગીત ગાવાં પડતાં હતાં.

(431) નાનાભાઈને પણ લાગ્યું. મારા મનમાં હું કંઈક વાગોળતો હતો. એમણે મને પૂછ્યું. આજે તમે કંઈક વિચારમાં છો.

(432) હવે તું જવાની જ છે. મારે માટે ડબ્બો ભરીને જૈનો બનાવે છે તેવા ખાખરા કરી મૂકજે.

(433) ગાનારો રાગ તાલ બદલે છે. શરીરનું સંગીત પણ હવે રાગ તાલ બને છે.

(434) મગાય કે નહિ એ મને ખબર નથી. તમે મને ખરેખરી યાદી આપવા માંગો છો. તમારી પાસે થોડી અમૂલખ ચીજો છે તે આપો.

www.ExamFear.com

•••

## Section-C

- **નીચેનો ગદ્યખંડ ધ્યાનથી વાંચો અને આપેલા પ્રશ્નોના ઉત્તર તમારી ભાષામાં લખો.**

(1) વિશેષજ્ઞતાના બે અર્થ છે : (1) વિવેક વાપરવો અને (2) વિશેષ જ્ઞાન.

જાણકારી મેળવતા રહેવું. કોઈ પણ પ્રવૃત્તિ કરતાં પહેલાં તેમા વિવેક વાપરવો. વિવેક વાપરવો એનો અર્થ છે કે, ગુણદોષનો વિચાર કરવો. અર્થાત્ સાર-અસાર, ગ્રાહ્ય-અગ્રાહ્ય, ત્યાજ્ય-અત્યાજ્ય, વધુ કિંમતી-અલ્પ કિંમતી વગેરે ખ્યાલમાં રાખીને પ્રવૃત્તિ કરવી. જેની પાસે આ સારાસારનો વિવેક નથી, એનું જીવન પશુ કરતાંય બદતર બન્યા વિના રહેતું નથી. કારણ કે એની નજરમાં માત્ર વર્તમાન ક્ષણિક તૂચ્છ લાભ જ હશે, પણ એ લાભ પામવા જતાં પાછળથી આવતાં અનિષ્ટોની તેને કલ્પનાય નહિ હોય. ટૂંકમાં કહીએ તો વિવેકનો ઉપયોગ કર્યા વિના પ્રવૃત્તિ કરનારો પ્રાયઃ કરીને અજંપાનો અનુભવ કર્યા વિના નથી રહેતો ! અને જેની પાસે આ વિવેકદૃષ્ટિ છે તેની જિંદગી ગમે તેવા પ્રતિકૂળ વાતાવરણ વચ્ચે પણ પ્રસન્નતાનો અનુભવ કર્યા વિના રહેતો નથી.

**પ્રશ્નો :**

(1) વિશેષજ્ઞતાના બે અર્થ જણાવો ?

(2) કોઈપણ પ્રવૃત્તિ કરતાં પહેલાં શેનો ખ્યાલ રાખવો ?

(3) જેને સારાસારનો વિવેક નથી તેને શેની કલ્પના નહિ હોય ?

(4) માણસને અજંપાનો અનુભવ ક્યારે થાય ?

(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(2) અભ્યાસનું મહત્ત્વ આપણા દેશમાં બહુ લાંબા કાળથી સમજાયેલું છે; પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વના સંસ્કાર દ્રઢ થતાં નથી. એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસકરવા મથીએ છીએ. દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે : ભયથી, લાલચથી કે પ્રેમથી. ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકાય છે. એમાં અભ્યાસ કરવાની વિવેકબુદ્ધિને ખીલવવી નથી પડતી. સરકારના મેનેજરો જનાવરોને ભયથી જ કેળવે છે. ઘણાં ધર્મગુરુઓ પણ ભય કે આશા બનાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે, પણ આ રીતે પાડેલી ટેવમાંથી જ્યારે વિશ્વાસ ઉઠી જાય છે ત્યારે સૈકાની ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે.

**(કિશોરલાલ મશરૂવાલા)**

**પ્રશ્નો :**

(6) આપણે અભ્યાસનું મહત્ત્વ શા માટે સ્વીકારીએ છીએ ?

(7) દરેક ક્રિયા કઈ ત્રણ રીતે કરી શકાય છે ?

(8) કઈ રીતોમાં અભ્યાસ કરવાની વિવેકબુદ્ધિને ખીલવવી નથી પડતી ?

(9) ભયછી કે લાલચથી પડેલી ટેવો ક્યારે નાશ પામે છે ?

(10) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(3) ભારતનો માર્ગ હવે મોકળો બન્યો છે કોઈની સરોબરીમાં તેણે ઊતરવાનું નથી. મૂડીબજારમાં રૂપિયો મજબૂત બની રહ્યો છે. અર્થતંત્ર ખાસ્સું મજબૂત બન્યું છે. ટેકનોલોજીનું પીઠબળ છે અને સંજોગો આપણી તરફેણમાં છે. નસીબ પણ સાથ આપી રહ્યું છે. બધું જ આપણી પાસે છે, તો પછી ખૂટે છે ? શું ? આત્મવિશ્વાસ. Yes, I can do itની ભાવના ! આપણે પોતે આપણામાં રહેલી ક્ષમતાને ઓળખી શકતા નથી. કોઈ પરદેશી રાષ્ટ્ર આપણને ઢંઢોળે ત્યારે આપણી ઊંઘ ઊડે છે. બસ્સો વર્ષ સુધી આપણે અંગ્રેજોની ગુલામી ભોગવવી પડી અને દરમિયાન ગોરા લાટ સાહેબોના ઘૂંટણિયે પડતા રહ્યા. આજે પ્રતિકૂળ સંજોગોને બદલવાની વૃત્તિ ખીલતી નથી. આ મેશ જ્યારે સૌ

www.ExamFear.com

ભારતીયોમાં ખીલશે ત્યારે બારત તેના લક્ષ્યાંક સુધી પહોંચી શકશે અને તે લક્ષ્યાંક એટલે જગતના સુપરપાવર દેશ તરીકેની ઓળખાણ ! 21મી સદીનો ભાગ્યોદય ભારતને આંગણે થઈ રહ્યો છે. Let us wake up

**(હર્ષલ પુષ્કર્ણા)**

**પ્રશ્નો :**

(11) ભારત દેશનો માર્ગ કઈ કઈ બાબતમાં મોકળો બન્યો છે ?

(12) આપણામાં શું ખૂટે છે ?

(13) આજે આપણામાં સંજોગોને બદલવાની વૃત્તિ કેમ ખીલતી નથી ?

(14) સૌ ભારતીયોમાં જોશ ખીલે તો તેનું કેવું પરિણામ આવે ?

(15) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(4) ભાષા અને સંસ્કૃતિ એકબીજા સાથે એવી તો સંકળાયેલી છે કે, એક જાય તો બીજી જાય. ભાષાએ સંસ્કૃતિનું તટસ્થ વાહન નથી. એનીસાથે ઓતપ્રોત છે, વણાયેલી છે, એક થયેલી છે. આર્ય સંસ્કૃતિ આર્ય ભાષાઓમાં જ ટકે, પ્રયોગ કરવો હોય તો ગીતાજીના 'સ્થિતપ્રજ્ઞના લક્ષણો' લઈ એનું અંગ્રેજી ભાષાંતર વાંચો, બોલો, તમારું દિલ એમાં બેઠું ? ભક્તિ જામી ? ધ્યાન લાગ્યું ? સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો તમે ગુજરાતીમાં બોલો ત્યારે દિલમાં અનેરો આનંદ, શાંતિ, સાત્વિકતાનો અનુભવ કરો છો. અંગ્રેજીમાં વાંચો ત્યારે એવું કશું લાગતું નથી. ભાષાનો પ્રભાવ છે, ભાશાનું જોર છે. તે જે સંસ્કૃતિમાંથી આવી તેની સાથે ઓતપ્રોત છે. માટે એ જાય તો એના સંસ્કારો પણ ઢસડીને લઈ જાય છે. ભાષા ઉપડે તો એનો સામાન લઈને ઉપડે; અને ભાષાનો સામાન એટલે સંસ્કૃતિ. ગુજરાતી ભાષા જાય તો ભારતીય સંસ્કૃતિને પણ સાથે લઈ જાય. એ કઈ ઓછુ જોખમ નથી.

**પ્રશ્નો :**

(16) ભાષા અને સંસ્કૃતિ વચ્ચે કેવો સંબંધ છે ?

(17) સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો અંગ્રેજી કરવાથી શું થાય ?

(18) ભાષાની સાથે શાનો નાશ થાય છે ?

(19) ભાષાનો સામાન એટલે શું ?

(20) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(6) મિત્રો, વૃક્ષો તો અન્યના સુખ માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાના ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આપણી આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી ? સુખડ જેમ જેમ વધારે ઘસાય તેમ તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ દેમ વધારે પીલાય તેમ તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પોતાના સદ્‌ગુણો ત્યજતા નથી. જગત તેમની સ્તુતિ કરે કે ન કરે, તો શ્રીમંત હો કે ગરીબ હો, તેઓ અલ્પાયુ હો કે દીર્ધાયુ હો, તેઓ ગમે તે સ્થિતિમાં હો, પરંતુ તેઓ પોતાના માર્ગમાંથી ચલિત થશે નહીં. જે બીજાને માટેજીવતા નથી, તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા-કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

**પ્રશ્નો :**

(21) પરોપકારી મનુષ્યોને કોના જેવા કહ્યા છે ? કેમ ?

(22) સુખડ, શેરડી અને સોનું મનુષ્યને શો બોધ આપે છે ?

(23) નિરર્થક જીવન કોને કહેવાય ?

www.ExamFear.com

(24) જીવવા ખાતર જીવવાને લેખકે શું કહ્યું છે ?

(25) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(6) વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો. મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણાં વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે. એટલું જ નહિ, ઉપાધિ પણ મેળવે છે છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે, પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહિ, મેળવવાની વસ્તુ લે નહિ, તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે અને ધર્મ બાહ્ય આચરણમાં પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા પણ જવાને તેઓ પુણ્ય માને છે. પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમુક માટીમાં કોઈ વિશેષ ગુણ રહેલો છે એમ માને છે. એથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢી તેનો નાશ કરે છે. આખા દેશમાં સાધનામાર્જિત ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થર બાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલ કરવી જ પડશે.

**(રવિન્દ્રનાથ ટાગોર)**

**પ્રશ્નો :**

(26) વિદ્યા મેળવવાનો આધાર કોના પર છે ?

(27) તીર્થમા જનારા કેમ સાચું ફળ મેળવી શકતા નથી ?

(28) સાચા અર્થમાં વિદ્યા પ્રાપ્ત ન કરનાર માટે ટાગોરે શું કહ્યું છે ?

(29) આખા દેશમાં સાધના માર્જિત ચિત્તશક્તિ કેવી થતી ગઈ છે ? તેનું પરિણામ શું આવ્યું ?

(30) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(7) વ્યક્તિને માટે શું કે સમાજને માટે શું જીવનના ત્રણ પ્રકાર છે : બીજાને મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે. આને જ જીવનકલંક કહે છે. આ પ્રકારથી જીવન ટકે છે અથવા બહુ બહુ તો વિસ્તાર પામે છે. એટલો જ એમાં ભાસ છે. પણ એમાં જીવન આયુષ્ય નથી. પ્રકારને પરસ્પર સહકારનો છે. દરેક જાતિ બીજો, રાષ્ટ્ર કે ધર્મ પોતાની વિશેષતાને કારણે જ એકાંગી હોય છે. એકબીજાના સહકારથી એકાંગીપણું મટી જાય છે અને તેથી જીવનનો વિકાસ થાય છે. આમાં જીવનનો ઉત્કર્ષ છે, પણ એમાં જીવનની સર્વોચ્ચ સાર્થકતા નથી દેખાતી. જીવન પણ અંતે આત્મસાક્ષાત્કારનું સાધન જ છે. એ સાર્થક્ય ધ્યાનમાં રાખ્યા પછી સ્વાર્પણ માટે જીવવું એ મનુષ્યહૃદયને સ્ફૂરે છે. આ સ્વાર્પણ દ્વારા જે જીવન સાધે છે તે કંઈ જુદું જ છે. આ મારફતે જીવનનો પરમ ઉદ્દેશ્ય સમજાય છે અને સફળ થાય છે.

**(કાકાસાહેબ કાલેલકર)**

www.ExamFear.com

**પ્રશ્નો :**

(31) જીવનના કેટલા પ્રકાર છે ? કયા કયા ?

(32) જીવનકલંક કોને કહે છે ?

(33) જીવનનો ઉત્કર્ષ શામાં રહેલો છે ?

(34) જીવનની સર્વોચ્ચ સાર્થકતા શામાં રહેલી છે ?

(35) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(8) ભારતને ભુજંગ પેઠે ભરડામાં ભીંસતી કોઈ સમસ્યા હોય તો તે શિક્ષિત બેકારી છે. યુનિવર્સિટીના દરવાજા સૌને માટે ઉઘાડા. યુનિવર્સિટી-શિક્ષણ આજે સહેલું બનાવવાથી મહત્વાકાંક્ષા આપે છે. સર્વને ટેબલ-ખુરશીની નોકરીઓ જોઈએ. કોઈને હાથ-પગ ચલાવીને પરસેવો રેલાવવાનો કામ-ધંધો ન જોઈએ. આ કેવું ? ફૂટપાથ પર હથોડી લઈ બેઠેલાઓથી દિવસ ને અંતે પંદર-વીસ રૂપિયા કમાય છે. ઝાડને છાંયે પાના અને પકડ લઈને બેઠેલા સાઈકલ રીપેર કરનારા કારીગર સવારથી સાંજ સુધી મહેનત કરી પોતાનું પેટીયું રળે છે અને યુનિવર્સિટીની ડિગ્રીઓ ધારણ કરેલા

આપણા યુવાનોને બેકાર તરીકે પોતાનું નામ રોજગાર કચેરીમાં નોંધાવવા ધક્કા ખાવામાં કોઈ નાનપ નથી. મોંઘેરી શહાદત પછી ભારતે હાંસલ કરેલી આઝાદીને તમારે આબાદીમાં પલટાવવી છે ? જે સ્વરાજ્ય મેળવ્યું તેને સુરાજ્ય બનાવવું છે ? રામરાજ્ય સ્થાપવું છે ? તો શ્રમનો મહિમા સમજો. શ્રમ પ્રત્યે નિષ્ઠા કેળવો. જે શ્રમનું મહત્ત્વ ન શીખવે તે સિક્ષણ નથી. ડિગ્રીઓ કંઈ ચકચકિત ઘરેણાં નથી. વ્યક્તિત્વ આભૂષણોથી ઓપતુંનથી. વ્યક્તિત્વ સદ્‌ગુણોથી ઓપે છે. સ્વાશ્રય એવો એક સદ્‌ગુણ છે. પરાવવંબન જેવું કોઈ દુઃખ નથી, સ્વાવલંબન જેવું કોઈ સુખ નથી. જે દેશમાં શ્રમ કરતાં ખેડૂતો અને કામદારોની પ્રતિષ્ઠા છે એ દેશમાં સર્વદા સંપદા છે.

**(કનૈયાલાલ મુનશી)**

**પ્રશ્નો :**

(36) ભારતને ભુજંગની જેમ ભીંસતી કઈ સમસ્યા છે ?

(37) આજનું યુનિવર્સિટીનું શિક્ષણ કેવું છે ?

(38) શિક્ષિત બેકારોની સ્થિતિ કેવી છે ?

(39) વ્યક્તિત્વ શાનાથી શોભે છે ? શી રીતે ?

(40) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

- નીચેનું કાવ્ય વાંચી તેના પ્રશ્નોના જવાબ તમારી ભાષામાં લખો.

(1) ભૂકંપોના લાખ હૈયે બળે દાહ,
ખોળો ખૂંદે ઘોર સંહાર યજ્ઞ.
નિત્યે આવા વેદના ઘાવ સ્હેતાં,
શે દીસે મા નેત્રો પદમો પ્રસન્ન ?
વર્ષો કેરું બાજતું જ્યાં મૃદંગ,
વેણી મધ્યે ગૂંથીને ઈન્દ્રચાપ.
ઢાંકી અંગો સર્વ લીલા દુકૂલે,
નર્ત હૈયે શી ધરી હર્ષછાબ ?
તું હૈયામાં વેદના ગૂઢ ભારી.
વ્હાવે ધારા અમૃતા પ્રાણધાત્રી,
મા ! દે એવો મંત્ર તું કૈં શિખાવી
જેથી હૈયે ઘાવ ઊંડા રૂઝાવી,
અર્પું કૈં જે હોય માંગલ્યકારી
થાય ટૂંકી જિંદગી ધન્ય મારી.
(પ્રેમશંકર ભટ્ટ)

**પ્રશ્નો :**

(41) ધરતીમાતા કઈકઈ વેદનાઓના ઘા સહન કરે છે ?

(42) વેદનાગ્રસ્ત હોવા છતાં ધરતીમાતા કેવી દેખાય છે ?

(43) વર્ષા સમયે ધરતીમાતાનું રૂપ કેવું નીખરી ઊઠે છે ?

www.ExamFear.com

(44) કવિ ધરતીમાતા પાસેથી કયો મંત્ર શીખવા માંગે છે ?

(45) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

(2) હવે નગરમાં સવારે સવારે
ફલ ફલ કરતાં તો વધુ
બારી બારણાં ઊઘડે છે.
બાગમાં રોપેલા પેલા જંગલી છોડ પણ
હારબંધ ઊભા રહી જાય છે.
માળીની કાતરને સલામી દઈને,
મોં-સૂઝણાના મલકાટને અને
સંધ્યાની નમણી લજ્જાને
દીવાલ પર ટાંગેલા આડાઅવળા
લીટીઓમાં અને રંગના ધાબાઓમાં
છૂપાયેલો પિકાસો હસી કાઢે છે
'પ્રભુના પયગંબરો'ની ધૂળ ને
ગળી ગયા છે, આમતેમ અથડાતા
આસ્ફાલ્ટના અજગરો.
આ થોડાંક પંખીઓ પણ
વનવાસે આવ્યા હશે આ નગરમાં ?

**પ્રશ્નો :**

(46) સવારે ખીલતાં ફલોનું સ્થાન નગરમાં કોણે લીધું ? શા માટે ?

(47) જંગલી છોડ પર માનવસભ્યતાની શી અસર થઈ છે ?

(48) 'પ્રભુના પયગંબરો'ની ધૂળની શી દશા થઈ છે ?

(49) પંખીઓને નગરજીવન કેવું લાગતું હશે ?

(50) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

(3) મને તો ધરતીની પ્રીત રે,
મારી તે મનમોરલીમાં ધરતીની ધૂળનાં હો ગીત હે !
ક્યારેક કોમલ ફલશયને
નીંદરની સોડ તાણું,
ક્યારેય પાંપણભીના નયને
કંટકનું શૂળ માણું;
મનખાની માયા મને, આવો આંસુને આવો સ્મિત રે !
ન્હાવું નથી સૂરગંગાને નીરે,
નથીરે સુધા પીવી;

www.ExamFear.com

ઝૂરી ઝૂરી જગજમૂના તીરે
મૃત્યુમાં જાવું છે જીવી,
વૈકુંઠમાં મેલીને વ્રજમાં મોહયો તે નથી ભૂલ્યો હું ભીંતરે ?
મને તો ધરતીની પ્રીત રે !

**પ્રશ્નો :**

(51) કવિને કોની સાથે પ્રીત થઈ ગઈ ?

(52) ક્યારેક કવિ ક્યાં નીંદર તાણે છે ?

(53) કવિ કોને આમંત્રણ આપે છે ?

(54) કવિને શેની ઈચ્છા નથી ?

(55) કાવ્યને શીર્ષક આપો.

(4) માણસ મરી જાય છે પછી
થોડા જિવસ
કરુણ શબ્દોની ઊડાઊડ.
હૉસ્પિટલની લૉબીમાં ફરતાં સગાંવહાલાં જેવી
ઠાલાં આશ્વાસનોની અવરજવર.
થોડા દિવસ
'ગીતા' ને 'ગરુડપુરાણ'ની હવા,
પછી બેંક-બેલેન્સની પૂછપરછ,
પછી
મરનારનાં પુરુષાર્થનાં
ગુણગાનની ભરતી અને ઓટ
રેશન કાર્ડમાંથી નામની બાદબાકી,
છેવટે રોજની જેમ સૂર્ય ઊગે છે,
રોજની જેમ સૂર્ય આથમે છે,
અને કંકુની ડબી પર જાણે કે
શબની ચાદર ઢંકાઈ જાય છે.
કંકણોની પાંપણો ટપક્યા કરે છે અને
મંગલસૂત્ર ઝૂર્યા કરે છે !
(જયા મહેતા)

**પ્રશ્નો :**

(56) માનવીના મૃત્યુ પછી શું શું થાય છે ?

(57) કવિયત્રી શાનું સૂચન કરે છે ?

www.ExamFear.com

(58) 'ગુણગાન'ની શીસ્થિતિ થાય છે ?

(59) સૌભાગ્યવતી સ્ત્રીના કયા શૃંગાર-ચિહ્નો આલેખ્યા છે ? કયો અલંકાર વપરાયો છે ?

(60) કાવ્યને શીર્ષક આપો.

(5) મેં ગ્રંથોમાં જીવનપથનાં સૂચનો ખોળી જોયાં,
ને તીર્થોનાં મલિન જળમાં હાડકાં બોળી જોયાં;
અંધારામાં ધુતિકરણ એકાર્ધ યે પામવાને
મંદિરોના પથ્થર-પૂતળાં ખૂબ ઢંઢોળી જોયાં;
સંતો કેરાં કરગરી કદી યાદ પ્રક્ષાલી જોયાં,
એકાંતોનાં મશહૂર ધનાગાર ઉઘાડી જોયાં;
ઊંડે ઊંડે નિજ મંહી સર્યા તેજ કણ પામવાને,
વિશ્વે વંધા પણ સકલ ભંડાર મેં ખાલી જોયાં,
ને આ સર્વે ગડમથલ નિહાળતાં નેન તારાં,
વર્ષાવંતા મુજ ઉપર વાત્સલ્ય-પીયૂષ ધારા;
તેમાં ન્હોતો રજ પણ મને ખેંચવાનો પ્રયાસ
ન્હોતો તેમાં અવગણનના દુઃખનો લેશ ભાસ,
જ્યોતિ લાધે ફક્ત શિશુને એટલી ઉરકાય;
મોડી મોડી ખબર પડી, બા ! તુ જ છો જ્યોતિધામ !
(કરસનદાસ માણેક)

**પ્રશ્નો :**

(61) કવિ શાની શોધ કરતા હતા ?

(62) એ શોધ માટે કવિએ કયા કયા પ્રયત્નો કર્યા ?

(63) કવિની આ ગડમથલ કોણ જોતું હતું ? કેવા ભાવથી ?

(64) કવિને આખરે 'જ્યોતિધામ' ક્યાં દેખાયું ? શા માટે ?

(65) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

www.ExamFear.com

(6) એલાર્મ ?
આમ બંબાનો રણકતો ઘંટ
ના છૂટકે ઊઘડી રહેલી આંખ-
-ની આછી નજરના સ્પર્શથી
પૂર્વના બારી તણો પડદો ખસે
ત્યાં, રાત આખીએ ઝરૂખામાં રહ્યું ના હોય બેઠી ઠૂંઠવાતું
એવું એ પહેલું કિરણ આવે કૂદી અંદર,
અને પાડોશીના ઝાઝા હળેલા બાળશું
જ્યાં ત્યાં અડકતું, અડપલાં કરતું,
ટકટક થતી ઘડિયાળથી ખરતી પળો તે વીણતું,

મેજ પરની ડાયરીમાં હજી કોરાં રહેલાં પાન ગણતું...
કાલની તારીખની હોડી બનાવી મૂકતું તરતી હવામાં
જાયસરતું - બારણેથી બહાર...
છલકાતી અગાશીથી હવે ઉજાસની છોવો ધસે અંદર
રહી સહી 'ગઈકાલ' ગઈ ધોવાઈ.
'આજની' રજકણ રહી પથરાઈ
ટકટક થતી ઘડિયાળથી
એની અવિરત રોજની કટકટ થકી કંટાળતી હું એ પછી
ભાગીરથીમાં કુંભને ના'વાં મળેલી મેદની શી મેદનીમાં
આખરે જાતો બાળી.
(વિનોદ અધ્વર્યુ)

**પ્રશ્નો :**

(66) કવિને એલાર્મ કેવો લાગે છે ? શા માટે ?

(67) કવિ કિરણને કોની કોની સાથે સરખાવે છે ?

(68) કિરણ શું શું કરે છે ?

(69) અગાશીમાંથી પ્રકાશ આવતાં ઘરોમાં શો ફેરફાર થાય છે ?

(70) કાવ્યને શીર્ષક આપો.

(7) મને ન મરવું ગમે છૂટક ટૂંક હફતા વડે,
મળે મરણ ગોકળ ગાય સમું, ધીમું વાવરે
યથા કૃપણ સંપદા અસહ્ય લોભથી ના ગમે,
ઘણાય જનજીવતાં મરણભાર માથે વહી
ભલે હલચલે જણાય જીવતાં, છતાં દીસતાં
મરેલ, શબ શાં અપંગ, જડ, પ્રેત દીદારમાં
અને મનસમાંય - ઓઢત ભલે ન કો ખાંપણ
મસાણ તરફ જતાં ડગમગંત પંગુ સમા
ગણું મરણ માહરું જનમસિદ્ધ શું માંગણુ
અબાધિત લખેલ તામ્રપતરે જીવાઈ સમું.
ન કાં વસુલ એ કરું મનગમંત રીતે જ હું
કરે કર જ લેણદાર ચૂકતું નફાહા વડે ?
ચહું જ ઉધારાવવા મરણ એક હફતા વડે,
બિડાય ભવચોપડો ફરજમાં ન બધાં ખપે.

**(ચુનિલાલ મડિયા)**

www.ExamFear.com

**પ્રશ્નો :**

(71) કવિને કેવું મરણ મળતું નથી.

(72) માણસો કેવું જીવે છે ?

(73) કવિ મરણને શું ગણે છે ?

(74) કરજ અને મરણ વિશે કવિ શું કહે છે ?

(75) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

(1) નીચેના ગદ્યખંડનું 1/3 ભાગમાં સંક્ષેપીકરણ કરો અને યોગ્ય શીર્ષક આપો.

(76) સોનું એ કંઈ અનાજ નથી કે ખાઈને પેટ ભરાય, એ કંઈ ફલ નથી કે સૂંઘીને મન પ્રસન્ન થાય. એ કંઈ ફળ નથી કે એના રસથી ધરાઈએ, એ કંઈ ઊન કે રેશમ નથી કે એનાં કપડાંથી શરીરનું રક્ષણ કરીએ. એ કંઈ લાકડું ન કે લોઢું નથી કે એમાંથી નિત્યના વ્યવહારની અનેક વસ્તુઓ તૈયાર કરીએ. અરે ! એ તમાકું કે અફીણ પણ નથી કે જેના કેફમાં દુનિયાનું દુઃખ ભૂલી જઈએ. એ ઝેર પણ નથી કે જને ખાઈને એક ભવમાંથી તો મુક્ત થઈ જઈએ, છતાં એ ઝેર નથી એમ તો કેમ કહેવાય ? માણસના વ્યવહારમાં દાખલ થઈએ એ પરસ્પર વિશ્વાસ, પ્રેમ અને આદરને નષ્ટ કરે છે. માણસની ધર્મબુદ્ધિનો નાશ કરે છે. પવિત્રમાં પવિત્ર સંબંધ પણ એક ક્ષણમાં એ તોડે અને એ નશાની ચીજ નથી એમ પણ કેમ કહેવાય ? એન નશો તો માણસનું આખું જીવન બગાડી દે છે. મોટાં રાષ્ટ્રોને એ સ્વાતંત્ર્યનાશક તેમજ અભ્યાસમૂલક પ્રવૃત્તિમાં ઉતારે ચે સોનું એ વિશ્વનો મોટામાં મોટો અનર્થ છે.

**(કાકાસાહેબ કાલેલકર)**

(77) (2) સાચી મૈત્રી આશીર્વાદરૂપ સાચો મિત્ર આપણો હંમેશાનો સાથીદાર છે. આપણા સુખદુઃખમાં તે ભાગીદાર બને છે. આપણને તે સાચા રસ્તે દોરે છે. આપણી સારી વસ્તુઓને કે આપણા ગુણોને તે વખાણે છે અને આપણી અવળી બાજુનો નિર્દેશ કરી આપણને તેનાથી દૂર થવા શિખામણ આપે છે. આપણને અવળે રસ્તે જતાં અટકાવે છે, વિકટ પ્રશ્નોમાંતે આપણને સાચી અનેયોગ્ય સલાહ આપે છે. આપણા જીવનમાં તે ઓતપ્રોત થઈ જાય છે અને એ રીતે સાચો મિત્ર એક વિશુદ્ધ અરિસાનું કામ કરે છે. આપણું સાચું પ્રતિબિંબ તે પાડે છે. તદુપરાંય જો પ્રતિબિંબ વિકૃત હોય તો તેને સુંદર બનાવવા તે મથે છે. મૈત્રીમાં સ્વાર્થભાવના ન હોય. સાચા મિત્ર પાસેથી કંઈ પણ લેવાની વૃત્તિ તો હરગિઝ ન હોવી જોઈએ, બલકે પાસે હોય તે આપવાની વૃત્તિ હોવી જોઈએ. ત્યાગભાગના વિનાની મૈત્રી લાંબો સમય ટકતી નથી.

(78) (3) ગર્વ અને દીનતા એ બેની વચ્ચે સ્વાભિમાન રહેલું છે. ગર્વિષ્ઠ મનુષ્ય પોતાની શક્તિઓ વિશે બને એટલા વદારે ઊંચા અભિપ્રાયો બાંધે છે. આથી છેવટે દુઃખ અને હાનિ ઉત્પન્ન થાય છે, કેમ કે પોતાની શક્તિ બરાબર કેળવવા તરફ દુર્લક્ષ થવાથી ગેરલાભ થાય છે અને પરાજય પામવાથી દુઃખ ઉત્પન્ન થાય છે. એથી ઊલટું, પોતાની શક્તિ વિશે અવિશ્વાસ હોય તો તેથી પણ અનિષ્ટ પરિણામ નીપજે છે. જેમ ગર્વથી મનુષ્ય પોતાની શક્તિનો વિશ્વાસ રાખે છે તેમ અવિશ્વાસથી પણ થાય છે. તે શિથિલ બને છે. તે સારું કામ કરી શકતો નથી. પોતે શક્તિમાન છે છતાં અવિશ્વાસને કારણે તેની ગતિ અને શક્તિ મંદ થાય છે. તે મોટું કામ માથે લેતો નથી. શક્તિ હોવા છતાં તે અવિશ્વાસથી હારે છે. આમ, પોતાને માટે અવિશ્વાસ તેમજ અતિવિશ્વાસ બંને અનિષ્ટ છે. સ્વાભિમાન એ બેની વચ્ચે રહેલું છે.

(79) (4) કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુદ્ધ, સમૃદ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાનાં પ્રયત્નોમાં માણસને સંસ્કૃતિ ખીલવી અને પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જ્વાળા સળગાવીએ છીએ તેમજ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે. સંસ્કૃતિ એ એનો ઑપ છે. જીવન જો સંસ્કારિતાનો ઑપ ધારણ ન કરે તો એ પરિપુષ્ટ થતાં કૃતાર્થ થઈ ન શકે અને સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો એમાં પોલાપણું આવે, એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે. જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે. એમ બે વચ્ચે જો અનુસંધાન ન સંધાય તો બંને વ્યર્થ થઈ જાય છે.

www.ExamFear.com

(80) (5) પ્રાર્થના એ તો જીવનનો પ્રત્યક્ષ સહારો છે. જીવનને યોગ્ય બળ, પ્રેરણા, સહાનુભૂતિ, ધીરજ, હિંમત એવું એવું પ્રાર્થનમાંથી મળી રહે છે. જો પ્રાર્થનાની કળા સાધકને સાંપડી હોય, તો જેમ શરીર સાફ રાખવા સારું નિયમિત નહાવાનું છે, એમ અંતઃકરણને સ્વચ્છ ને શુદ્ધ રાખવા માટે પ્રાર્થના છે, પરંતુ તે સ્વયં ઉર્મિથી ને ભાવનાથી થવી જોઈએ. પ્રાર્થના જીવનને તેજસ્વી બનાવે છે. પ્રાર્થના એ કંઈ લૂલી-લૂલી લાગણીની વ્યક્તતા નથી, પરંતુ લાગણીને યોગ્ય પ્રકારનો આકાર આપવાનું એ તો ઉત્તમ સાધન છે. પ્રાર્થનાના એકધારા જીવનમાં સદ્‌વિચારોની પ્રેરણા પણ સાંપડે છે. કોઈની સેવા કરવી, કોઈની સાથે સદર્વતાવ કરવો, સત્કર્મો કરવા, સદાકારી અને પરોપકારી રહેવું ને થવું, એ બધી પ્રાર્થનાથી જ એક પ્રકારની રીત છે, પરંતુ આપણા માર્ગમાં સૌથી ઊંડી અસર કરે એવી પ્રાર્થના તો ઈશ્વરનું ધ્યાન-મનન-ચિંતન છે. પ્રાર્થનાના અભ્યાસથી જીવનમાં શાંતિ અનુભવાય છે.

•••

www.ExamFear.com

# Section-D

(1) તમારા વિસ્તારમાં પીવાના પાણીની તીવ્ર અછત ઉભી થઈ છે. માણસો તથા મૂંગા ઢોર પાણી વિના ટળવળે છે. આ હકીકતની વિગતો દર્શાવતી તથા જરૂરી સહાય માટે વિનંતી કરતી અરજી ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રીને ઉદ્દેશીને લખો.

(2) તમારા વિસ્તારથી દશેક કિ.મી. દૂર આવેલા રંગરસાયણના કારખાનાનું દૂષિત પ્રવાહી આખા વિસ્તારમાં ખાબોચીયા સ્વરૂપે એકઠું થાય છે. જેથી સમગ્ર વિસ્તારમાં ચર્મરોગ ફેલાઈ ગયો છે. આ અંગે ઘટતી કાર્યવાહી કરવા રાજ્યના આરોગ્ય મંત્રીને અરજી કરો.

(3) તમારા ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ખાસ જરૂર છે, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને અરજી કરો.

(4) નાદુરસ્ત તબિયતને કારણે તમે આ વર્ષો ધો. 12 સામાન્ય પ્રવાહની એચ.એસ.સી. પરીક્ષા આપી શકો તેમ ન હોવાથી તમે ડ્રોપ લેવા ઈચ્છો છો. આ અંગે એક અરજી તમારી શાળાના આચાર્યશ્રી મારફતે પરીક્ષા બોર્ડના અધ્યક્ષશ્રીને કરો.

(5) તમારા વિસ્તારમાં અસામાજિક તત્ત્વોએ ભય અને ત્રાસનું વાતાવરણ ફેલાયું છે. વિસ્તારની સલામતી અને રાહદારીઓના રક્ષણ માટે તાત્કાલિક ચાંપતા ઈલાજ લેવા પોલીસ કમિશનરશ્રીને સંબોધી એક અરજી લખો.

(6) દ્વિચક્રી વાહનચાલકો માટે હેલ્મેટ-કાયદાના અમલ અંગે પોલીસના સખ્તાઈપૂર્વકના પગલાં અંગે લોકલાગણીને વાચા આપતી એક અકજી ગુજરાતી રાજ્યના પોલીસ વડાને કરો.

(7) ગુજરાત રાજ્યમાં પહેલી સપ્ટેમ્બરથી વાહનોના ચાલકો માટે હેલ્મેટ ફરજિયાતના હુકમ અંગે આભાર વ્યક્ત કરતી અરજી હાઈકોર્ટના રજિસ્ટારને ઉદ્દેશીને લખો.

● નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.

(8) આપણાં સામાજિક દૂષણો

પ્રસ્તાવના - લગ્ન પ્રથાના દૂષણ - મરણ બાદના રિવાજ - જ્ઞાતિના બંધનો - સંકુચિતતા - ઉપસંહાર.

(9) ઈન્ટરનેટની માયાજાળ

પ્રસ્તાવના - ઈન્ટરનેટની કમાલ - શોધ - ફાયદા - ગેરફાયદા - યુવાવર્ગ - ઉપસંહાર.

(10) વાયરા વાયા વસંતના

પ્રસ્તાવના - ભારતનો ઋતુક્રમ - વસંત - આગમન - માદક વાતાવરણ - માનવજીવન પર અસર - એક આનંદિત ઋતુ - ઉપસંહાર.

(11) સ્વચ્છતા ત્યાં પ્રભુતા

પ્રસ્તાવના - સ્વચ્છતાનું મહત્ત્વ - શરીર અને મનની સ્વચ્છતા - મકાન, મહોલ્લા, રસ્તા સ્વચ્છતા - જાળવણી - કેળવણી - ઉપસંહાર.

(12) હું મુખ્યમંત્રી હોઉં તો

પ્રસ્તાવના - રાજકારણ - દૃષ્ટિ - ધ્યેય - કાર્યો - જાગૃતિ - સમર્પણ - ઉપસંહાર.

(13) માતૃપ્રેમ

મા - વાત્સલ્ય - હૃદય, ભાવના, લાગણી - જીવનમાં માતાનું મહત્ત્વ - મા, સંતાન પ્રેમ - હૈયાવરાળ - ઉપસંહાર.

(14) એક અંધ યુવાનની હૈયાવરાળ

પ્રસ્તાવના - બાળપણમાં અકસ્માત - આંખ ગુમાવવી - માનહાનિ - લઘુતાગ્રથં - મનોબળથી અભ્યાસમાં આગેકૂચ - માન, સન્માન સમાજમાં અંધજનોના ઉત્કર્ષ માટે કંઈક કરવાની તમન્ના - ઉપસંહાર.

www.ExamFear.com

(15) ફરી બનવા ચહું છું પ્રભુ ! બાળ નાનું

પ્રસ્તાવના - વડીલોના વ્હાલ, પ્રેમ-નિર્દોષ, નિખાલસતા - સરળ સૃષ્ટિ - બાળપણ - સંસ્મરણો - ઉપસંહાર.

(16) ગ્રીષ્મનો મધ્યાહ્ન

પ્રસ્તાવના - પ્રકૃતિ, ઋતુચક્ર - નિર્જનતા - અસહ્ય ગરમી - સૂર્યનો પ્રકોપ - વાતાવરણમાં શાંતિ - પશુ-પંખી-માનવની પરિસ્થિતિ.

(17) આપણા ઘડવૈયા બાંધવ આપણે

પ્રારબ્ધ અને પુરુષાર્થ - સંઘર્ષ - માન્યતાઓ - સમન્વય - કર્મ - અપેક્ષા - ઉપસંહાર.

(18) ચૂંટણીમાં ભાગ ભજવતાં પરિબળો અથવા લોકશાહી દેશ - ચૂંટણી

પ્રસ્તાવના - ચૂંટણી - આચારસંહિતા - વર્તમાનપત્ર - ટીવી - જાહેરસભાઓ - પ્રચારતંત્ર - ધન અને વિદેશી હસ્તક્ષેપ - ઉપસંહાર.

(19) ખોટા સિક્કાની આત્મકથા

પ્રસ્તાવના - જન્મ - ટંકશાળથી દુકાનદાર - ગ્રાહક - વેદના - ઉપસંહાર.

(20) પ્રદૂષણ - એક સાર્વત્રિક સમસ્યા

પ્રદૂષણ અર્થ - જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણ - કારણો - દૂર કરવાના ઉપાય.

(21) પુસ્તક - માનવીનાં સાચા મિત્ર

વાંચન વ્યક્તિના જીવનમાં - સંસ્કાર સિંચન - ઉત્તમ મિત્ર - જીવન સમૃદ્ધ - સંસ્કારી - ઉપસંહાર.

(22) જનતા - લોકશાહીનું સાચું બળ

લોકશાહી અર્થ - જનતા - સાચુ બળ -જવાબદારી - સફળતા - ઉપસંહાર.

(23) વધતી જતી જનસંખ્યા - ભારતની સમસ્યા

પ્રસ્તાવના - કારણો - સમસ્યા, રહેઠાણ, આહાર, શિક્ષણ - ઉપાય- ઉપસંહાર.

(24) કોમવાદ - એક ઝેરી નાગચૂડ

પ્રસ્તાવના - કોમવાદ અને તેના પરિબળો - કોમવાદની અસરો - કોમવાદ દૂર કરવાના ઉપાયો - ઉપસંહાર.

(25) વૃક્ષો - આપણા મિત્રો

પ્રસ્તાવના - પશુ-પંખીનું આશ્રયસ્થાન - માનવો છાયો - ફળ, ફૂલ, પાન, કાષ્ઠ જેવી ભેટ - ખજાનો - સૃષ્ટિમાં હરિયાળી - પ્રદૂષણ નાથનાર - સજ્જનતાનું પ્રતીક - ઉપસંહાર.

(26) મોંઘુ શિક્ષણ ને વાલીની લાચારી

પ્રસ્તાવના - ખર્ચાળ શિક્ષણ - સમસ્યા - પ્રવેશ સમસ્યા - ઉચ્ચ શિક્ષણ - ઉપસંહાર.

(27) જો મનુષ્ય પોતાનું ભવિષ્ય જાણી શકતો હોત તો

પ્રસ્તાવના - જ્યોતિષજ્ઞાન - ભવિષ્યની જાણકારી, લાભ, ગેરલાભ, મૃત્યુનો ડર - સહદેવ -કર્મ, પુરુષાર્થની બાદબાકી - ઉપસંહાર.

(28) અત્ર, તત્ર, સર્વત્ર બસ ક્રિકેટ જ ક્રિકેટ

ક્રિકેટ, રમત, યુવાનોની ઘેલછા - વિશ્વભરની ટીમો મેદાનમાં - ભારત, પાકિસ્તાન આકર્ષણ - હારજીતમાં યુદ્ધ જેવું માનસ - શિક્ષણ, નોકરી, ધંધો ખોરંભે - સમય, શક્તિનો દુર્વ્યય - ભ્રષ્ટાચાર - ઉપસંહાર.

www.ExamFear.com

(29) વિદ્યાર્થી અને શિસ્તપાલન

પ્રસ્તાવના - શિસ્ત, જીવનમાં મહત્ત્વ, વિદ્યાર્થી અવસ્થા - શિસ્ત જટીલ પ્રશ્ન - શાળા, કૉલેજોની કથળેલી સ્થિતિ - ગેરશિસ્તના કારણો - ઉપાય - ઉપસંહાર.

(30) આપણું લોકસાહિત્ય

પ્રસ્તાવના - લોકસાહિત્ય - જનસમાજની આરસી - ઉદ્‌ભવ - વિવિધ સ્વરૂપો - સંસ્કારનું સંવર્ધન - ઉપસંહાર.

(31) મોંઘવારીની ભીંસમાં મધ્યમ વર્ગ

પ્રસ્તાવના - મોંઘવારી કારમી ભીસ - વધવાના કારણો - ભયાનક અસર - ટીવી, ચેનલ - વિષચક્ર - બદલાયેલી જીવનપદ્ધતિ - બચવાના ઉપાયો - ઉપસંહાર.

(32) ત્રાસ્યા આ ટીવી જાહેરાતોથી !

પ્રસ્તાવના - જાહેરાત એક કળા - સાર્વત્રિક વિનિયોગ - ફાયદા - ગેરફાયદા - ગેરમાર્ગે દોરતી જાહેરાત - ઉપસંહાર.

(33) લાગવગ એજ લાયકાત

પ્રસ્તાવના - લાગવગની વ્યાપકતા - ફાયદા - નુકસાન - ઉપસંહાર.

(34) મેળો - સંસ્કૃતિનું દર્શન

પ્રસ્તાવના - મેળો - પરંપરાગત ઉત્સવ - વિવિધ સ્થળોએ યોજાતા મેળા - વિવિધતામાં એકતા - સંસ્કૃતિદર્શનની તક - ઉપસંહાર.

(35) ક્યાં લઈ જશે આતંકવાદ

પ્રસ્તાવના - આતંકવાદ વિશ્વવ્યાપી સમસ્યા - ભારતમાં વરવો ચહેરો - અખંડિતતાને નુકસાન - અંધાધૂંધી - મોતનો પડછાયો - ભય - ઉપસંહાર.

● **નીચની આપેલી પંક્તિઓનો વિચારવિસ્તાર આશરે 100 (સો) શબ્દોમાં કરો.**

(36) ન રાખ આશા કદી કોઈ પાસ,
કરી શકે કોણ પછી નિરાશ ?

(37) પડશું અનેકવાર, પણ કિસ્મત બની જશે,
સાચી દિશાનો પંથ છે, ઠોકરની આસપાસ

(38) મનવા પર ઘર પ્હોંચીને દુઃખ ન કહીએ રોઈ,
માન ગુમાવીને આપણું વ્હેંચી ન લેતું (દુઃખ) કોઈ.

(39) એક અસત્યમાંથી જન્મે, અસત્યો બહુ જૂજવાં,
રોપે અસત્ય જે, તેને પડે એ ઝુંડ વેઠવાં.

(40) આપણે એક ચળવળ ઉપાડીએ, જેમાં
રાગની ચળ ઉપડે ને દ્વેષના વળ ઉકલે.

(41) નગુણે વાસ ન રાખીએ, સગુણની પત જાય;
ચંદન પડિયુ ચોકમાં, ઈંધણ મૂલ વેચાય.

(42) જાહોજલાલી એની નથી નાશ પામતી
જેનું છે દિલ અમીર, ફકીરી લિબાસ છે.

(43) પુસ્તક વિનાનું જીવન એ પાયા વિનાની ઈમારત જેવું છે ?

www.ExamFear.com

(44) બેઠેલાનું બેસતું ઊભાનું રહે ઊભું;
ભાગ્ય સૂતાનું સૂએ, ચાલે ચાલતા સંગ.

(45) હસો, ખૂબ હસો, હજી સમય છે જરા લ્યો હસી,
પરંતુ હસવા સમી નવ બનાવશો જિંદગી.

(46) સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુઃખ,
ખીજ્યુ કરડે પિંડીએ, રીઝ્યું ચાટે મુખ.

(47) ઊંચી નીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ;
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ.

(48) ખુદનું ખરાબ કહેવાની હિંમત નથી રહી એથી બધાને કહે છે : જમાનો ખરાબ છે.

(49) ઊગે છે કમલ પંકમાં કદપિ દેશશિરે ચડે,
નહિ ફલથી, કિન્તુ મૂલ મુલવાય ગુણો વડે.

(50) મને આ જોઈને હસવું હજારોવાર આવે છે,
પ્રભુએ બનાવેલા, તેને આજે બનાવે છે.

(51) હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપ સામે અડગ દિલના ગુપ્ત બળથી.

(52) ગમે ના શૈશવે ખેલ, યૌવને ના પરાક્રમ,
સાધના નહિ વાર્ધક્યે, વ્યર્થ તે જિંદગી ક્રમ.

(53) પીળા પર્ણો કદી નથી થતાં કોઈ કાળે જ લીલાં,
ભાંગ્યા હૈયા કદી નથી થતાં કોઈ કાળે રસીલાં.

(54) અરે ! પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો,
ન માગે દોડતું આવે, ને વિશ્વાસે કદી રહેજે.

(55) કર્મમાં અધિકાર તાહરે, ના નહીં જ ફળમાં કદીય તેં,
લોભી કર્મ ફળનો તું મા થતો, કે ન સંગ તુજ હો અકર્મમાં.

(56) કોયલડી કે કાગ વાને વરતાયે નહીં,
જીભલડીમાં જવાબ સાચું સોરઠિયો ભણે.

(57) ત્રણ વાનાં મુજને મળ્યાં, હૈયુ, મસ્તક, હાથ,
બહુ દઈ દીધું નાથ, જા ચોથું નથી માંગવું.

(58) પૃથ્વી સમું નહિ બેસણું, આભ સમું નહિ છત્ર,
પ્રેમ સમી નહિ માધુરી, આપ સમો નહિ મિત્ર.

● **નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ગદ્યખંડ ફરીથી લખો.**

(59) કેચ ગુમાવ્યો કેચ ગુમાવ્યો હું એમ પૂછું છું કે આવાઓને ટેસ્ટની ટીમમાં લેતા શા માટે હશો ના ના ક્રિકેટ ના આવડતું હોય તો શેરીમાં જઈને ગિલ્લીદંડા રમો ગિલ્લીદંડા અહીં શું કામ છે તમારું એ ટીવી સામે જોઈને વાણી પ્રવાહ વહેવડાવી રહ્યા હોય ક્રિકેટના મેદાન પર કામ શું છે તમારું

www.ExamFear.com

(60) આંખો મનુભાઈની ચકળવક મિજાજ ગરમ ઘડીકમાં આંખમાંથી અમી વરસે જાણે ટીવીને ચસચસતુ આલિંગન આપી દે. બેસશે ઘડીકમાં ત્રીજું નેત્ર હોય તો ખોલીને ટીવીને બાળીને ભસ્મ કરી નાખે એવો ગુસ્સો વળી પાછા કંઈ સારા સમાચાર આવે કે મનુભાઈ ગુગલી કૂદે સોફા પર ખરાબ સમાચાર આવતાં જાણે હૉસ્પિટલના કૉરિડોરમાં ફોટા એમ ઘરમાં આંટા મારવા માંડે છે.

(61) નર્મદાના પ્રચંડ પ્રવાહને પોતાના સુદૃઢ બાહુઓમાં ઝીલી લેવા સંગેમરમરના ખડકો તૈયાર ઊભા છે જળધારાઓનું પડવું અફળાવું અને પછડાટ ખાવી પાણીમાં જ્યારે મલ્લ-યુદ્ધ કરી રહ્યું છે વળી ગડગડાટ અને ધમાકા ખીણમાં ભૂસકો મારતું પાણી જાણે મૃત્યુના મોંમાં ઓરાતું ન હોય.

(62) કેમ નથી બોલવું હા સમજ્યો તું વિચારે છે કે આ ચમત્કાર થયો કેમ ખરુંને અરે મારી નિધિ શું કહું તારા પુણ્યે કે પછી મારું નસીબ પાધરું તે એક નાનકડો ઉત્સાહી નોકર મળી ગયો છે બસ વાત ન પૂછ તેણે તો પતિવ્રતા પત્ની જેવી મારી સેવા કરવા માંડી છે.

(63) અમારી ઑફિસનો પેલો મલ્લિક કેટલીકવાર ગાનારીની મહેફિલની વાત કરે છે હંમેશ હું એને ટાળું છું હા શાસ્ત્રીય સંગીત મને ગમે તો છે જ પણ મહેફિલ તો મોડી રાતે જ જામેને અત્યાર સુધી તો મોડી રાત સુધી ઘરબહાર રહેવું અશક્ય હતું પણ હવે તું નહિ હોય પછી વાંધો નહિ આવે.

(64) શિલ્પી હીરાધરના ટાંકણમાં સાહેબ સંગીબની રમ્ય પદાવલિ રમતી હશે તે વિના પેલી યક્ષકન્યાની કટીમેખલાતો જુઓ જાણે હમણાં એની સોનેરી ઘૂઘરીનો રણકાર સંભળાશે જુઓ ને જાણે એના મોં પર એ રણકાર સાંભળવાનો આનંદ પણછવાઈ રહ્યો છે શાસ્ત્રીજી ચિંતનમાં હોય તેમ અચાનક અટકી ગયા.

(65) હું દાદરના પગથિયે બેસીને અવલને જોઈ રહ્યો હતો પડછાયાની રમત રમતાં મોટાં બાળકોને પણ ભયની ખબર પડી રમત પડતી મૂકીને અવલ પાસે ટોળે વળ્યા સહેજ મોટી ઉંમરની એક છોકરીએ કહ્યું મારી બા કેતી'તી દરિયો માજા મૂકે તો સંધુય તાણી જાય.

(66) ડોશીને એક દુઃખમાં બીજું દુઃખ આ વચન સાંભળવાનું આવ્યું. કઠોર તીક્ષ્ણ વચન અને તેમાં પણ ઈષ્ટદેવને તિરસ્કાર આ સાંભળી ચાર પાસ અને પોપચે કરચલીઓવાળી આંખોમાં ધર્મલક્ષ્મીને આંસુ ભરાયા અને કાન ઉપર હાથ દેતી બોલી અરેરે આવા નાસ્તિક વચન ન બોલતા હો તો શું થાય

(67) પણ મેં જોયું કે નાનાભાઈ ગંભીર થઈ ગયા હતા મને આંચકો લાગ્યો હું શું બકતો હતો આ તો એક પૈસાદાર માણસ પાસે મારી નિર્ધનતાનાં રોદણાં હું રોતો હતો અને શા માટે એથી એમના મનમાં મારા તરફ હું કાંઈ સહાનુભૂતિ જગાડવા માગતો હતો ના તો પછી આવા બકવાસનો અર્થ શો

(68) ઈંટો ગણવામાં મને ખૂબ મઝા પડી હતી ઈંટો ગણવાની પ્રવૃત્તિમાં મારું ચિત્ત ચોંટેલું રહેતું અને ખંતથી હું મારું કામ કરતો હતો. ઈંટોએ મારી જિંદગીમાં સાત રંગ પૂર્યા છે અને મારા બધા સવાલોનો જવાબ ઈંટોએ આપ્યો છે એમાં નષ્ટ શું થયું એ સૃષ્ટિની લીલાનો ચોડ નથી અને એથી તો શું થઈ ગયું

(69) મારા ગામમાં રાજાનો કિલ્લો હતો વન હતું વનમાં વાઘ કૂતરા રીછ હતા એક નદી હતી એનું નામ ઝાંખરી સંસ્કૃત ગામનો ઝંકાર એમાં નથી ઝાંખરામાં થઈને રસ્તો કરી વહેતી વહેતી આવતી માટે ઝાંખરી દુંદાળા ગણપતિ

આનન્દ ચૌદશને દિવસે એમાં ડૂબકી મારી અલોપ થઈ જતા ને દશેરાના દિવસે માતાની જવારાની સોનાની સળીઓ એના પાણીમાં તરતી રહેતી એ ઝાંખરી એ ધરાયેલા વાઘ પાણીપીવા આવતો

(70) ધોધ જોઈને વિચારો પણ ધોધમાર આવે છે એક વિચાર એ આવ્યો કે ચોમાસામાં આખા શહેર ઉપર સર્વત્ર વરસાદ વરસે. એના બદલે આકાશમાં પાણી એકત્ર થઈને કોઈક મેદાન ઉપર ધોધ બનીને પડે તો જોવાની કેવી મજા આવે ધોધમાર પાણી નહીં પણ પાણીનો ધોધ જ તો આ કળિયુગમાં ગંગાવતરણનું દૃશ્ય પ્રત્યક્ષ થાય પરંતુ એ ઝીલશે કોણ

• • •

www.ExamFear.com